# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

તા. બારડોલી. જિ. સુરત.

રજીસ્ટ્રેશન નંબર : સે–૯ તા. ૩૧ મી માર્ચ ૧૯૬૪

ઉદ્યમેવ હી સિધ્યન્તિ




## ૪૯ મો

# વાર્ષિક અહેવાલ અને હિસાબ

## વર્ષ : ૨૦૧૩–૨૦૧૪

## (તા. ૧-૪-૨૦૧૩ થી તા. ૩૧-૩-૨૦૧૪ સુધી)

**સુરેશભાઈ જે. પટેલ**
ઉપ–પ્રમુખ

**દિલીપભાઈ બી. ભક્ત**
પ્રમુખ

**એમ. એલ. રાઠોડ**
મેનેજીંગ ડીરેક્ટર

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## -:: વ્યવસ્થાપક કમિટિ સને : ૨૦૧૩-૨૦૧૪ ::-

| અ. નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |
| ૩ | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખરવાસા |
| ૪ | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભકત | કમિટિ સભ્યશ્રી | કપુરા |
| ૫ | શ્રી મહેન્દ્રભાઈ નાથુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | સેજવાડ |
| ૬ | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નિઝર |
| ૭ | શ્રી નરેન્દ્રભાઈ મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ચીખલી(રાજ) |
| ૮ | શ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નનસાડ |
| ૯ | શ્રી દિનેશભાઈ ખુશાલભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખંજરોલી |
| ૧૦ | શ્રી સુરજરામ ઉર્ફે સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | કાંટીફળીયા |
| ૧૧ | શ્રી જયપ્રકાશભાઈ બાબુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખોજ |
| ૧૨ | શ્રી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | વેડછી |
| ૧૩ | શ્રી ખાંડ નિયામકશ્રી ગુજરાત રાજય | રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ | ગાંધીનગર |
| ૧૪ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ | મધ્યસ્થ નાણાં ધીરનાર બેંકના પ્રતિનિધિ | વરાડ |
| ૧૫ | મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત રાજય સ. ખાંડ ઉદ્યોગ સંઘ ગાંધીનગરનાં પ્રતિનિધિ | | ગાંધીનગર |
| ૧૬ | શ્રી એમ. એલ. રાઠોડ | મેનેજીંગ ડીરેકટરશ્રી (એકસ ઓફીસીયો) | મઢી |

## -:: એકઝીકયુટીવ કમિટિ સને : ૨૦૧૩-૨૦૧૪ ::-

| અ. નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | ક. સભ્યશ્રી | ખરવાસા |
| ૩ | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભકત | ક. સભ્યશ્રી | કપુરા |
| ૪ | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | ક. સભ્યશ્રી | નિઝર |
| ૫ | શ્રી ખાંડ નિયામકશ્રી ગુજરાત રાજય | રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ | ગાંધીનગર |
| ૬ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ | બેંકના પ્રતિનિધિશ્રી | વરાડ |
| ૭ | શ્રી એમ. એલ. રાઠોડ | મેનેજીંગ ડીરેકટરશ્રી (એકસ ઓફીસીયો) | મઢી |

## -:: આમંત્રિત સભ્યશ્રી ::-

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## સૂચના

આથી સદરહુ મંડળીના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે, આ સંસ્થાની ઓગણપચાસમી (૪૯) **વાર્ષિક સાધારણ સભા તા. ૨૯-૧૧-૨૦૧૪ ને શનિવાર** નારોજ બપોરે ૧-૦૦ કલાકે સંસ્થાની રજીસ્ટર્ડ ઓફિસનાં સ્થળે મળશે, તો સદર સભામાં અહેવાલ સાથે હાજર રહેવા વિનંતી છે.

## સભામાં નીચેના કામો રજુ થશે.

૧. ગત વર્ષની તા. ૧૯-૧૧-૨૦૧૩ નારોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

૨. સંસ્થાનાં સને ૨૦૧૩-૨૦૧૪ (તા. ૧-૪-૨૦૧૩ થી તા. ૩૧-૩-૨૦૧૪) નાં વર્ષનો અહેવાલ તથા વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ હિસાબ તથા સરવૈયું આ સાથે સામેલ છે, તે મંજુર કરવા બાબત.

૩. સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષની વૈધાનિક ઓડિટરશ્રીની ઓડિટનોટની દુરસ્તી જે વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ છે. તેને વાંચનમાં લઈ નોંધ લેવા બાબત.

૪. સંસ્થાની વ્યવસ્થાપક કમિટિએ વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે વૈધાનિક ઓડિટરશ્રીની કરેલ નિમણૂંકને બહાલ રાખવા બાબત.

૫. પેટા-નિયમ-૪ મુજબ બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સંસ્થાના કામ માટે જરૂરી કરજ ઉભુ કરવા તેમજ તમામ કામકાજોનો અધિકાર આપવા બાબત.

૬. પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે કામો.

લિ.

સ્થળ :- મઢી. ૩૯૪ ૩૪૦
તા. ૧૦-૧૦-૨૦૧૪

(એમ. એલ. રાઠોડ)
મેનેજીંગ ડીરેક્ટર
બોર્ડ ઓફ ડીરેક્ટર્સનાં આદેશથી

તા. ક. :-

૧. સભાસદોને હિસાબી કામકાજ અંગેની બીજી કોઈપણ માહિતીની જરૂર હોય તો તેમણે સભાનાં સાત દિવસ અગાઉ ઓફિસ સમય દરમ્યાન જ આવી સમજી જવા વિનંતી.

૨. સભામાં સંસ્થાનાં સભાસદોને જ સભાના સ્થળે ઓળખપત્ર જોઈને પ્રવેશ આપવામાં આવશે, જેથી દરેક સભાસદ ભાઈ-બહેનોએ ઓળખપત્ર સાથે લાવવા વિનંતી.

૩. કોરમનાં અભાવે મુલતવી રહેલ સભા અર્ધા કલાક બાદ મળશે, જેને કોરમનો બાધ લાગશે નહિ.

# -:: પ્રમુખશ્રીનું નિવેદન ::-

**સુજ્ઞ સભાસદભાઈઓ તથા બહેનો,**

આપણી સંસ્થાની ૪૯મી વાર્ષિક સાધારણ સભાનાં અવસરે આપ સૌનું હાર્દિક સ્વાગત કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. સંસ્થાના સને ૨૦૧૩-૨૦૧૪ ના વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરેલ હિસાબો, માહિતીદર્શક આંકડા તેમજ જરૂરી પરિશિષ્ટો રજુ કરી મારૂં નિવેદન સાદર રજુ કરૂં છું.

**શ્રદ્ધાંજલિ :-**

સંસ્થાનાં સભાસદ-કામદાર પરિવારો પૈકી અવસાન પામેલ ભાઈ-બહેનોનાં નિધનની સખેદ નોંધ લઉં છું.

અહેવાલનાં વર્ષ દરમ્યાન આપણાં દેશમાં વિવિધ કુદરતી આફતોમાં માર્યા ગયેલા નામી-અનામી વ્યકિતઓનાં તેમજ કેન્દ્રીયમંત્રીશ્રી ગોપીનાથ મુંડે, સાયણ સુગરનાં આદ્યસ્થાપક શ્રી મગનભાઈ ડાહ્યાભાઈ પટેલ તેમજ ગણેશ સુગરનાં માજી પ્રમુખશ્રી મુળજીભાઈ સાયણિયાના દુઃખદ નિધન થયા છે, તેની દુઃખદ નોંધ લઈ સૌને શ્રદ્ધાંજલિ અર્પું છું.

...... ૐ શાંતિ ...... ...... ૐ શાંતિ ...... ...... ૐ શાંતિ ......

**ખાંડ ઉદ્યોગ અને આપણી સંસ્થા અને વર્ષ દરમ્યાનની કામગીરીનું અવલોકન :-**

સમગ્ર વિશ્વ આ ખાદ્યાન ચીજનો ભરપુર ઉપયોગ કરે છે, આપણાં દેશ કરતા દુનિયાના દેશોમાં પ્રતિ માનવ ખાંડના વપરાશનું પ્રમાણ બમણા જેટલું હોય છે, સામાન્ય રીતે આપણાં દેશમાં પરકેપીટા ખાંડનાં વપરાશનું પ્રમાણ ૧૮ થી ૨૦ કિલો જેટલું હોય છે. જે ઉદ્યોગ સમગ્ર દેશમાં ખેત આધારીત ઉદ્યોગ તરીકે દ્વિતીય સ્થાન ધરાવે છે, ૨૩૫ થી ૨૪૫ લાખ મે. ટન જેટલી ખાંડનું ઉત્પાદન કરે છે. આમ દેશમાં ખાંડના વપરાશ કરતા ઉત્પાદન વધુ થતું હોય, ખાંડનાં જથ્થાનાં સ્ટોકનું પ્રમાણ ખાંડ મંડળીઓમાં વધુ રહેવા પામે છે. આપણે નવી શેરડી પિલાણ સીઝનની શરૂઆત કરીશું ત્યારે દેશમાં આશરે ૭૫ લાખ મે. ટન જેટલો ખાંડનો સ્ટોક રહેવા પામશે અને આશરે ૨૫૪ થી ૨૫૫ લાખ મે. ટન ખાંડ ઉત્પાદનનો અંદાજ છે. આમ દેશમાં જે રીતે ખાંડ ઉત્પાદનની સ્થિતિ, વપરાશ નિકાસ વગેરેની કપરી સ્થિતિમાં ઉદ્યોગ એક જબરદસ્ત કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે, ખેડૂતોએ સમગ્ર પરિસ્થિતિથી હંમેશા વાકેફ રહી વહીવટને શેરડીનાં ભાવ સાથે મુલવવો ન જોઈએ, એવું હું અંગત રીતે માનું છું. નિકાસમાં પણ આકર્ષક નથી, વિશ્વ બજાર પણ હંમેશા નિચું રહેતું હોય છે, આવા કપરા સમયે સમગ્ર ખેડૂત આલમે અતિ ગંભીર બનવું પણ જરૂરી છે. સમગ્ર ગુજરાતમાં જયારે સહકારી ક્ષેત્રે આ ઉદ્યોગ હોય ત્યારે સંચાલક મંડળ વિશેષ રીતે ખેડૂતોને મહત્તમ પોતાના માલનાં નાણાં મળે તે બાબતે સજાગ હોય છે. આપ એ બાબતથી પણ વાકેફ છો જ આપણે ખાંડ, મોલાસીસ, બગાસ, આડપેદાશ વગેરેમાંથી ૭૮% થી ૮૫% જેટલી રકમ શેરડીનાં ભાવ તરીકે ખેડૂતોને ચૂકવવામાં આવે છે. ગુજરાતમાં આવેલ સહકારી ધોરણે કાર્યરત સંસ્થા દ્વારા ખેડૂતોને જે શેરડીની કિંમત ચુકવવામાં આવે છે, તે કિંમત અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા જાહેર થતી શેરડીની કિંમતની તફાવતની રકમ ટેક્ષને પાત્ર છે. એ રીતનું અર્થઘટન ટેક્ષ ડિપાર્ટમેન્ટ દ્વારા લેવાના કારણે એક વિકટ સ્થિતિમાંથી ખાંડ ઉદ્યોગ પસાર થઈ રહયો છે અને જો આમ બનવા પામશે તો ખાંડ

ઉદ્યોગનો મૃત્યુ ઘંટ વાગશે. ગુજરાત રાજય ખાંડ ઉદ્યોગ સંઘ દ્વારા આ બાબતે ગંભીરતાથી નાણાં વિભાગને રજુઆતો કરવામાં આવી છે. આપણે ઈચ્છીએ કે, કેન્દ્ર સરકારશ્રી દ્વારા આ બાબતે હકારાત્મક વલણ અપનાવી ખાંડ ઉદ્યોગને જીવનદાન આપે. સંસ્થાની ક્ષીણ થતી મિલ્કત સામે ઘસારાની જોગવાઈ સિવાય બીજા કોઈપણ પ્રકારનાં ફંડોની જોગવાઈ ન થવાનાં કારણે, કોઈપણ સંસ્થા પાસે પોતાનાં કહી શકાય તેવા કોઈ ફંડો ઉભા કરી શકાતા નથી. જેથી સંસ્થાને વર્કીંગ કેપીટલ માટે કાયમી આધાર બેંકો પાસે રાખવો પડતો હોય છે, અને વધુમાં વધુ વ્યાજનું ભારણ સહન કરવું પડતું હોય છે.

આવનારા દિવસોમાં ખાંડ ઉદ્યોગ માટે જે ગંભીર સમસ્યા ઉદ્‌ભવી રહી છે, જે ઝડપથી ઔદ્યોગિકરણ થઈ રહ્યું છે. સાથે સાથે રહેઠાણનાં પ્રશ્નોનાં કારણે તેમજ અન્ય રસ્તા-રેલ્વે માટે જમીનોના સંપાદનનાં કારણે ખેતીલાયક વિસ્તાર દિન-પ્રતિદિન ઘટતો જાય છે, પ્રતિ હેકટર શેરડીનું ઉત્પાદન વધતું નથી. આવા વિષમ સંજોગોને કારણે દક્ષિણ ગુજરાતની ખાંડ મિલો અત્યંત મુશ્કેલીમાંથી પસાર થઈ રહી છે, શેરડીનો પુરવઠો મેળવવા બિનતંદુરસ્ત હરીફાઈ થતી રહે છે. આવનારા દિવસો માટે આ એક ઘણો મોટો પડકાર ખાંડ મંડળીઓ માટે ગણી શકાય, આવા પડકારોનો સામનો કરવા માટે આપ સૌ સભાસદ – ખેડૂતમિત્રો સંયમ અને ધીરજપૂર્વક વર્તો એવી અપેક્ષા રાખું છું.

આપણી સંસ્થાની કામગીરીની વાત કરીએ તો તા. ૧-૪-૨૦૧૩નો ઉઘડતો સ્ટોક ૮,૧૭,૧૨૭ ગુણી હતો અને નાણાંકિય વર્ષ દરમ્યાન ૧૦,૯૯,૫૯૦ કિવન્ટલ ઉત્પાદન થયેલ છે. જયારે વર્ષ દરમ્યાન ૧૧,૦૫,૭૨૭ કિવન્ટલ ખાંડનું વેચાણ થયેલ છે, આ વેચાણ થયેલ ખાંડની રાશ ₹ ૨,૭૩૩.૦૦ ઉપજેલ છે. તા. ૧-૪-૨૦૧૪ નાં રોજ ૮,૧૦,૯૯૦ કિવન્ટલ સ્ટોક ઉઘડતો રહેવા પામેલ તેમજ મોલાસીસ તા. ૧-૪-૨૦૧૩ નો ઉઘડતો સ્ટોક ૧૯,૨૯૬.૨૯૦ ટન, ઉત્પાદન ૪૭,૨૧૨.૪૦૦ ટન, વર્ષ દરમ્યાન ૪૮,૪૫૫.૮૬૦ ટન વેચાણ થયેલ છે, તેજ રીતે આલ્કોહોલનું ૭૩,૨૭,૯૦૦ લીટર ઉત્પાદન થયેલ છે.

સીઝન : ૨૦૧૨-૨૦૧૩ આપણાં માટે પડકારરૂપ બની હતી, અને સીઝન : ૨૦૧૩-૨૦૧૪ માં જે જે ત્રુટીઓ માલમ પડી હતી, તે દુરસ્ત કરી સીઝન : ૨૦૧૩-૨૦૧૪ આપણી અપેક્ષા મુજબ રહેવા પામી હતી, અને આવનારી સીઝન : ૨૦૧૪-૨૦૧૫ આપણે આપ સૌના સહકાર થી સારા પરિણામો સાથે પૂર્ણ કરીએ એવી અપેક્ષા.

ગત ચોમાસાની અનિશ્ચિતતાનાં કારણે ઉત્પાદન ઉપર માઠી અસર ઉભી થઈ છે. પ્રતિ એકરે ઉત્પાદન આપણી ધારણા મુજબ ન પણ મળે એવી દેહસત છે, તેમ છતાં આપણે ૧૦ થી ૧૧ લાખ મે. ટન સુધી શેરડી પુરવઠાનાં અંદાજને પહોંચી વળવા સમગ્ર વિભાગનો સહયોગ પ્રાપ્ત કરી પૂર્ણ કરીશુ એવી આશા રાખું છું.

જે સભાસદ પરિવાર દ્વારા શેરડીનું સૌથી વધુ ઉત્પાદન નવા રોપાણ અને લામમાં મેળવેલ છે, તેમને અભિનંદન આપું છું. આપણે સૌ ઉત્પાદક ખેડૂતો આવા લક્ષ્યાંકને હાંસલ કરવા કટિબદ્ધ બનીએ એવી અપેક્ષા રાખું છું.

## શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

| અ. નં. | સભાસદનું નામ | ગામ | રોપાણ એ. ગુંઠા. | ઉતાર ટનમાં પ્રતિ એકર | શેરડી ની જાત |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી કેતનભાઈ જશુભાઈ પટેલ (નવું રોપાણ) | કડોદ | ૨.૦૩ | ૬૮.૨૧૨ | ૮૬૦૩૨ |
| ૨. | શ્રી ગુલામ હુસેન દાઉદ ઘાંચી (૧-લામ ) | ગીજરમ | ૨.૨૦ | ૬૩.૬૧૬ | ૮૬૦૩૨ |

**ઈથેનોલ પ્રોજેક્ટ બાબત :-**

હેવાલનાં વર્ષ દરમ્યાન ૭૩,૨૭,૯૦૦ લીટર આર.એસ.નું ઉત્પાદન કર્યું છે. જે માટે વર્ષ દરમ્યાન ૨૬,૧૬૬ ટન મોલાસીસનો વપરાશ થયેલ છે. આમ આપણે પ્રતિ ટન મોલાસીસ દ્વારા ૨૮૦.૦૫ લીટર આર. એસ. મેળવી શકયા છીએ.

ઈથેનોલ પ્રોજેકટ માટે અત્યાર સુધીમાં જે ઘસારો કાઢવામાં આવ્યો છે તે ₹ ૧,૧૬૧.૦૧ લાખ છે. સીઝન ૨૦૧૪-૨૦૧૫ માટે ઓઈલ કંપની દ્વારા જે ઈથેનોલ કાર્યક્રમ અંતર્ગત ઓઈલ કંપનીમાં ૯ લાખ લીટરનું ટેન્ડર ભરેલ છે તેમજ જી.એન.એફ.સી. માં ટેન્ડર આવ્યે થી ભરવામાં આવશે.

મોલાસીસ રૂટમાંથી આલ્કોહોલ બનાવવાની બાબતે સામાન્ય રીતે ૧ લીટર આલ્કોહોલ પેદા થાય તેની સામે ૧૦ થી ૧૨ લીટર સ્પેન્ટવોશ ઉત્પન્ન થતો હોય છે, જેનો ઉપયોગ કંમ્પોષ્ટ ખાતર બનાવવા માટે કરતા હોઈએ છીએ. ૧ કિલો પ્રેસમડ માટે સામાન્ય રીતે ૧ થી ૧.૧/૨ લીટર કરતા વધારે પાણી ભેળવી જ ન શકવાને કારણે આવા વપરાશનો જથ્થો એ મોટો ગંભીર પ્રશ્ન આપણા માટે રહેતો હોય છે, આ બાબતે આપણે ગંભીરપણે વિચારી સ્પેન્ટવોશનું પ્રમાણ ઓછું થઈ શકે તે માટે મોટી લાગત કરી ઈવેપોરેશન યુનિટો નાંખવામા આવ્યા છે. જે ગત સીઝનમાં કાર્યરત થતા સ્પેન્ટવોશનું પ્રમાણ ઓછું થતાં નિકાલની સમસ્યાને હલ કરી શકયા છીએ, અને પર્યાવરણની સમસ્યાને મહદ્અંશે હલ કરી શકયા છીએ.

આગામી સીઝનમાં પણ આપણો લક્ષ્યાંક ૮૦,૦૦,૦૦૦ લીટર આલ્કોહોલ ઉત્પાદન કરવાનો છે.

સંસ્થાને કાયમી રીતે અર્થક્ષમ બની રહે તે માટે સૌએ પ્રમાણિક પણે સંસ્થા પ્રત્યેની વફાદારી કેળવી સ્વહિતને પ્રાધાન્ય ન આપી સંસ્થાનું અસ્તિત્વ જોખમાય તેવી સ્થિતિ ન બને તે જોવાની આપણાં સૌની ફરજ સમજું છું. સંસ્થા પ્રત્યેનું ઉત્તર દાયિત્વ જો નિભાવવામાં નિષ્ફળ જઈએ તો સહકારી પ્રવૃત્તિનો છેદ ઉડી જશે. આ ઉદ્યોગોને જીવંત રાખવા માટે અને એક ખેડૂત તરીકે આપણાં કુટુંબની લાબાં સમય સુધી સ્થિરતા નિર્માણ કરવાની જયારે જવાબદારી હોય તેવા સમયે જાહેર જીવનનાં કેટલાંક પ્રસ્થાપિત થયેલ સારા ગુણો આપણે પણ આપણાંમાં ઉતારીએ એજ સાચો ધર્મ હશે. નિરાશા નથી પરંતુ સમયને ન ઓળખી શકીશું તો વિકરાળ પરિસ્થિતિમાં આપણને કોઈ બચાવી ન શકશે.

સૌના સહીયારા પ્રયાસથી આપણે સૌ આવતી કાલ ઉજજવળ બનાવીએ એજ મારી આપને અપીલ હોય શકે.

## શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

સહકારી સંસ્થાઓનું સહકારી કાયદાની કલમ ૮૪(૧) મુજબ ગુજરાત રાજય સરકારે ઓડિટ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેનલમાંથી નિમણૂંક કરવાની હોય, આપણી સંસ્થા દ્વારા શ્રી મિતીષભાઈ મોદી એન્ડ કું. સુરતની નિમણૂંક બોર્ડનાં ઠરાવ થી વર્ષ : ૨૦૧૪-૨૦૧૫ માટે કરવામાં આવેલ છે.

**સંસ્થાના વ્યવસ્થાપક સદ્સ્યોની ચૂંટણી બાબત. :-**

ગત વર્ષનાં અહેવાલ હિસાબમાં સંસ્થાની વ્યવસ્થાપક સદ્સ્યોની ચૂંટણી બાબતે સુપ્રિમકોર્ટનાં ચૂકાદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે, એમ જણાવેલ પરંતુ આ બાબતે કોઈ આખરી માર્ગદર્શન સુપ્રિમકોર્ટ ન્યુ દિલ્હી દ્વારા મળેલ નથી. આ અંગે આખરી માર્ગદર્શન આવ્યેથી ચુંટણી અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

**આભાર દર્શન :-**

આપ સૌ સભાસદો દ્વારા મને જે સહકાર મળતો રહ્યો તે માટે આપ સૌનો આભાર માનું છું. કામદાર-કર્મચારીઓનો પણ ખૂબજ સુંદર સહકાર મળેલ છે, તેમનો પણ આભાર માની કદર કરૂં છું.

સારાયે વર્ષ દરમ્યાન સહકારી ખાતાના મંત્રીશ્રી અને નાણાં વિભાગના મંત્રીશ્રી તેમજ અધિકારી સાહેબો તેમજ ખાંડ નિયામકશ્રી અને રજિસ્ટ્રારશ્રી (સુગર) સુરત પણ વખતોવખત સહાયરૂપ થયા તે બદલ આભાર માનું છું. આપણા કપરા સંજોગોમાં ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓ. બેંક લિ; એ પણ આપણી સંસ્થાના વિકાસમાં તેમની મર્યાદામાં રહી હરહંમેશ ત્વરીત અને સહકારી ભાવનાને અનુરૂપ થવા તત્પરતા દાખવી છે, તે બદલ એમનાં ઉપ-પ્રમુખશ્રી, ડીરેકટરશ્રીઓ, મેનેજીંગ ડીરેકટરશ્રી, મેનેજરશ્રી અને સ્ટાફનો પણ હાર્દિક આભાર માનું છું.

આ ઉપરાંત સંસ્થાના સ્પે. ઓડીટરશ્રી અને તેમનાં સ્ટાફ, ખેતી તથા સિંચાઈ ખાતા તેમજ જંગલ ખાતાનાં અધિકારીઓ, કલેકટરશ્રી, પ્રાંત ઓફિસરશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા પંચાયતનાં વડાઓ, પોલીસ અધિકારીશ્રી, સુરાલી ગ્રામ પંચાયતનાં સરપંચશ્રી, તેમજ સદ્સ્યોશ્રી, નશાબંધી ખાતાના સ્થાનિક અધિકારીશ્રી, સેન્ટ્રલ એકસાઈઝ ખાતાના અધિકારીશ્રી તથા અન્ય અધિકારીવર્ગ તરફથી વખતો વખત જે સાથ સહકાર મળતો રહ્યો છે, તે બદલ તેમનો હું આભારી છું. જિલ્લા સહકારી બેંકો અને રાષ્ટ્રીયકૃત બેંકો, થાપણદારો વિગેરેએ સમયસર પુરતી નાણાંકિય સહાય અને થાપણ મૂકવા બદલ આભારની લાગણી વ્યકત કરૂં છું.

તેમજ આપણી સંસ્થાના ઉપ-પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ તથા સાથી ડિરેકટર મિત્રોશ્રીએ અવારનવાર કારખાનાની મુલાકાત લઈ ઊંડો રસ દાખવી સંઘ ભાવનાનું ઉમદા દ્રષ્ટાંત પુરૂં પાડયું છે અને ઉત્કૃષ્ટ સંઘભાવના (ટીમ સ્પીરીટ) નાં દર્શન કરાવ્યા છે, તે બદલ તેમનો પણ હું આભાર માનું છું.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

સંસ્થાનાં મેનેજીંગ ડીરેકટરશ્રી તરીકેનો કાર્યભાર સંભાળનાર શ્રી એમ. એલ. રાઠોડ તથા ખાતાનાં અન્ય વડાઓ, સુપરવાઈઝરો, સ્ટાફનાં સભ્યો, અન્ય નાના-મોટા કર્મચારી-કામદારભાઈઓ કે જેમની જહેમત અને નિષ્ઠા વિના સંસ્થાની દરેક ક્ષેત્રની કામગીરી શકય ન બને, તે સૌને હું ધન્યવાદ આપું છું. નવસારી કૃષિ યુનિવર્સીટીનાં તજજ્ઞોએ જરૂર પડે ખેડૂતોને શેરડીની ખેતી અને રોગનાં પ્રતિકાર માટેનાં ઈલાજ સુચવી સલાહ અને માર્ગદર્શન આપ્યું છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

સીઝન ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન સીઝનનાં અંત સુધી કાર્યક્ષમતા મુજબનો પુરવઠો ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત મોનીટરીંગ કરી સફળતાની સ્થિતિ ઉપલબ્ધ કરી તે માટે સી. પી. એમ. શ્રી હેમાંશુભાઈ જે. શાહ અને સી. ડી. એમ. શ્રી મહાદેવભાઈ ડી. વશી અને તેમના તમામ ખેતી વિભાગનાં સ્ટાફનો આભાર માનું છું. સાથે સાથે ગુજરાત રાજય ખાંડ ઉદ્યોગ સંઘના મેનેજીંગ ડાયરેકટરશ્રીએ સમય સુચક માર્ગદર્શન અને મદદ કરી છે તેમનો આભાર માનું છું.

અન્ય સહકારી સંસ્થાઓ, ખેડૂત સમાજ અને દક્ષિણ ગુજરાતની ખાંડ મંડળીઓએ જરૂર પડયે જે સાથ સહકાર આપ્યો છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

શ્રી મઢી વિભાગ ખેડૂત સંગઠન, મઢી દ્વારા શેરડી વાહતુકમાં રોકાયેલ ટ્રક અને ટ્રેકટર માલિકભાઈઓએ પણ તેમનાં કાર્યમાં ખૂબ કાળજી રાખી પિલાણ કાર્યમાં સહભાગી થયા છે તેમનો પણ હું આભાર માનું છું.

સુગર ફેકટરીનાં પ્રમુખ તરીકેની મારા કાર્યભારનાં સમય દરમ્યાન શકિત પ્રમાણે વ્યવસ્થાપક કમિટિનાં સભ્યોનાં સહયોગથી સેવા કરવાની આપ સૌએ જે ઉમદા તક આપી છે તે માટે આપ સૌનો અત્યંત આભારી છું. મારા સાથી સદ્સ્યોનો પણ આભાર માનું છું. આ સંસ્થાનાં તમામ શુભેચ્છકોનો આભાર માનું છું. તમામને આવનારા સને : ૨૦૧૫ ના વર્ષની હાર્દિક શુભકામના.

**જય જવાન** **જય કિશાન** **જય સહકાર**

**લિ.**
**આપનો સહકારી,**
**દિલીપભાઈ ભીખાભાઈ ભકત**
**પ્રમુખ.**

Mitish S. Modi
B.Com.(Gold Medalist) LL.B., F.C.A.

Mitish S. Modi & Co.
CHARTERED ACCOUNTANTS
Sai Anand Complex, 201-202, 2nd Floor,
Beside State Bank of India,
Goverdhan Hill, Near LIC Staff Quarters,
Timaliyawad, Nanpura,
Surat - 395 001.
Phone (0) (0261) 2471830

પ્રતિશ્રી,
તમામ સભાસદ જોગ,
શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ;
મુ. પો. મઢી, તા. બારડોલી, જિ. સુરત.

## વૈધાનિક અન્વેષણ અહેવાલ

અમોએ શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મુ. પો. મઢી, તા.બારડોલી, જી. સુરત. ના નાણાંકીય વર્ષ : ૨૦૧૩-૧૪ માટેના તા. ૩૧-૦૩-૨૦૧૪ના રોજના સંસ્થાના વહીવટી, હિસાબી પત્રકો નું અન્વેષણ કાર્ય સંસ્થા દ્વારા વખતો વખત પૂરી પાડવામાં આવેલ માહિતીના આધારે પૂર્ણ કરેલ છે. અમારૂં અન્વેષણ કાર્ય ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એક્ટ ૧૯૬૧ના અનુસંધાને કરવામાં આવેલ છે. ઉપરાંત ભારતમાં પ્રર્વતમાન હિસાબી ધારા-ધોરણ (Accounting Standards) ના સંદર્ભને અનુસરીને અમોએ સંસ્થાના વાર્ષિક નાણાંકીય પત્રકોનું અન્વેષણ કાર્ય ''ટેસ્ટ બેઝીઝ '' મુજબ ચકાસણી કરીને પૂર્ણ કરેલ છે. જે માટે અમોએ નાણાંકીય પત્રકોનું પૃથ્થકરણ અને વર્ગીકૃત કરેલ માહિતી વ્યાજબી સ્વરૂપે અંદાજ લઈને અમારો અહેવાલ રજુ કરેલ છે.

સંસ્થાના નાણાંકીય પત્રકોની જવાબદારી, સંસ્થાના સંચાલકોની છે. અમારી જવાબદારી અમોએ કરેલા અન્વેષણની કામગીરીને આધારીત નાણાંકીય પત્રકો પર અભિપ્રાય આપવાની છે. અમોએ તા. ૩૧-૦૩-૨૦૧૪ના રોજનું પાકુ સરવૈયું તથા તેજ તારીખે પુરા થતા વર્ષનું ઉત્પાદન - વેપાર અને નફા-નુકશાન ખાતુ તપાસેલ છે અને તે સાથે અમારા વૈધાનિક અન્વેષણ અહેવાલમાં જણાવેલ ખામીઓ તથા સૂચનોને આધિન સાચુ અને યથાર્થ માલુમ પડેલ છે અને અમો નિવેદન કરીએ છીએ કે,

૧. અમારા મત મુજબ અમોને મળેલ માહિતી અને ખુલાસાઓ, હિસાબો અંગેના અહેવાલ અમારી ખામીઓ તથા સૂચનો અંગેની નોંધને આધિન સંસ્થાના હિસાબી ચોપડામાં દર્શાવ્યા પ્રમાણે ખાંડ મંડળી નું સદર સરવૈયુ સાચુ અને વાસ્તવિક ચિત્ર દર્શાવે છે.
૨. અમારા મત અને માન્યતા મુજબ અમોને જરૂરી તમામ માહિતી અને ખુલાસાઓ મળેલ છે.
૩. તા. ૩૧-૦૩-૨૦૧૪ના રોજનું સરવૈયુ સંસ્થાની સાચી અને યથાર્થ પરિસ્થિતિ દર્શાવે છે.
૪. તા. ૩૧-૦૩-૨૦૧૪ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષનુ નફા-નુકશાન ખાતુ સંસ્થાનો સાચો અને યથાર્થ નફો દર્શાવે છે.
૫. અમારા મત મુજબ સંસ્થાએ કાયદા પ્રમાણે જરૂરી હિસાબી ચોપડાઓ દફતરે રાખેલ છે.
૬. અમારા અન્વેષણ વર્ષ ૨૦૧૩-૧૪ના વિગતવાર વૈધાનિક અન્વેષણ અહેવાલમાં આપેલ સામાન્ય શેરાઓને આધિન રહીને આ સરવૈયુ સાચુ હોવાનું પ્રમાણિત કરવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

તારીખ : ૨૦-૯-૨૦૧૪
સ્થળ : સુરત.

મિતીષ એસ. મોદી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
અને
સર્ટીફાઈડ ઓડીટર્સ (સહકારી મંડળીઓ)
પેનલ નં. ૬૨૪ (સુરત)

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## તા. ૩૧મી માર્ચ ૨૦૧૪ ના રોજ પુરા થતાં

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૩,૧૫,૯૬,૮૪,૭૧૨ | શેરડીનાં ચુકવ્યાં :-<br>**મે. ટન. ૧૦,૪૨,૩૯૭.૩૦૦** | ૨,૭૫,૯૬,૨૪,૮૨૬ |
| ૬,૩૫,૯૫,૬૯૦ | શેરડી ખરીદ વેરો :- | ૫,૫૫,૪૭,૮૮૮ |
| ૩૯,૦૫,૨૪,૬૬૦ | ઉત્પાદન ખર્ચ :- **પરિશિષ્ટ નં : ૧ મુજબ બળતણ, કેમીકલ, પેકીંગ, મજુરી, પગાર, મશીનરી રીપેર્સ વિગેરે.** | ૪૦,૨૯,૫૬,૮૭૫ |
| ૧૬,૫૫,૬૬,૬૬૨ | વહીવટી ખર્ચ :- **પરિશિષ્ટ નં. ૨ મુજબ** | ૨૧,૨૮,૨૯,૦૭૪ |
| ૫,૦૦,૦૦,૦૦૦ | ઘસારા ખર્ચ :- | ૫,૦૦,૦૦,૦૦૦ |
| ૫,૬૨,૬૪૭ | ચોખ્ખો નફો :- | ૩,૨૫,૯૧૮ |
| ૩,૮૨,૯૯,૩૪,૩૭૧ | **કુલ સરવાળો** | ૩,૪૮,૧૨,૮૪,૫૮૧ |

**નોંધ :-** પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

તપાસ્યુ, સામાન્ય શેરોને આધિન.

મિતીષ એસ. મોદી એન્ડ કાું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, સર્ટીફાઇડ ઓડીટર્સ,
પેનલ નં. ૬૨૪ (સુરત)

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

સ્થળ :- મઢી.
તા. ૨૦-૦૯-૨૦૧૪

## સહકારી મંડળી લિ; મઢી.

### વર્ષનું ઉત્પાદન-વેપાર તથા નફા-નુકશાન ખાતું (સુગર યુનિટ)

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૩,૩૯,૭૪,૪૭,૮૬૫ | ખાંડ વેચાણ :- **પરિશિષ્ટ નં. - ૩ મુજબ** | ૩,૦૧,૦૫,૮૯,૭૦૧ |
| ૨૫,૦૫,૫૯,૯૦૦ | મોલાસીસ વેચાણ :- **પરિશિષ્ટ નં. - ૪ મુજબ** | ૨૫,૯૯,૯૦,૧૨૧ |
| ૩,૮૦,૧૧૬ | પ્રેસમડ વેચાણ :- | ૩,૮૩,૮૦૫ |
| ૭,૮૯,૮૭,૯૯૪ | બગાસ વેચાણ :- **પરિશિષ્ટ નં. ૫ મુજબ** | ૬,૪૦,૫૩,૭૪૪ |
| ૧,૪૧,૦૯,૪૨૪ | વ્યાજ આવક :- **ડીવીડન્ડ તથા ધીરાણ ઉપરનું વ્યાજ, ગ્રાહકો પાસેનું વ્યાજ અને કોલ ડીપોઝીટ ઉપરનું વ્યાજ** | ૧,૬૪,૨૨,૮૯૭ |
| ૭,૨૧,૯૩,૪૦૧ | ડીસ્ટીલરી કમ ઈથેનોલ વિભાગનો નફો :- | ૧૧,૨૫,૮૮,૫૧૭ |
| ૧,૦૩,૩૩૫ | વાહન વેચાણ નફો | - |
| ૧,૬૧,૫૨,૩૩૬ | અન્ય આવક :- **પરિશિષ્ટ નં. ૬ મુજબ** | ૧,૭૨,૫૫,૭૯૬ |
| ૩,૮૨,૯૯,૩૪,૩૭૧ | **કુલ સરવાળો** | ૩,૪૮,૧૨,૮૪,૫૮૧ |

**એમ. એલ. રાઠોડ**
મેનેજીંગ ડાયરેકટર

**સુરેશભાઈ જે. પટેલ**
ઉપ-પ્રમુખ

**દીલીપભાઈ બી. ભકત**
પ્રમુખ

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## તા. ૩૧મી માર્ચ ૨૦૧૪ ના

| ગયા વર્ષના આંકડા | પુંજી તથા દેવું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | સત્તાવાર શેર કેપીટલ<br>**રૂા. ૨,૦૦૦ ના એક એવા ૫૦,૦૦૦ શેર** | | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | ભરપાઈ થવા કાઢેલ શેર કેપીટલ<br>**રૂા. ૨,૦૦૦ ના એક એવા ૫૦,૦૦૦ શેર** | | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૭,૮૪,૩૨,૧૨૩ | ભરપાઈ થયેલ શેર કેપીટલ | | ૭,૮૬,૦૫,૦૫૩ |
| | શેર સંખ્યા | ૪૧,૪૦૩ | |
| | સભાસદ સંખ્યા | ૧૮,૦૩૨ | |
| | ચાલુ વર્ષનો વધારો | ૧૩૯ | |
| | કુલ સભાસદ સંખ્યા | ૧૮,૧૭૧ | |
| ૭૭,૮૫,૬૩,૫૧૭ | રિઝર્વફંડ તથા ઘસારા ફંડો તથા અન્ય ફંડો :-<br>**પરિશિષ્ટ નં. ૭ મુજબ** | | ૮૨,૮૬,૩૮,૦૫૩ |
| ૪૨,૦૫,૮૪,૦૯૫ | સભાસદ થાપણો :- **પરિશિષ્ટ નં. ૮ મુજબ** | | ૫૦,૨૮,૭૪,૮૭૫ |
| ૭૨,૭૫,૧૮,૧૦૧ | બેંક ઓવર ડ્રાફટ તથા લોન :-<br>ધી સુરત ડિ. કો. ઓ. બેંક લી; મઢી શાખા | | ૯૬,૭૫,૦૩,૧૨૨ |
| | ખાંડ માલ તારણ સામે | ૪૬,૦૫,૮૮,૦૩૩ | |
| | સ્ટોર માલ તારણ સામે | ૧,૯૭,૩૭,૦૪૨ | |
| | ગોડાઉન લોન | ૬૭,૯૬,૩૬૭ | |
| | હાર્વેસ્ટીંગ મશીન લોન | ૧,૦૬,૫૧,૨૫૦ | |
| | એકસાઈઝ લોન | ૩૧,૪૬,૦૦,૦૦૦ | |
| | ટર્મ લોન | ૮,૬૩,૮૫,૬૦૬ | |
| | ક્રોપ લોન :- | | |
| | અન્ય ખેડૂત સી. ૧૩-૧૪ | ૩,૯૧,૦૦,૯૦૭ | |
| | અન્ય ખેડૂત સી. ૧૪-૧૫ | ૨,૯૬,૪૩,૯૧૭ | |
| ૨,૪૦,૩૩,૮૧,૯૪૦ | શેરડી અંગેના દેવા (સભાસદો) :- | | ૧,૬૬,૭૨,૭૧,૭૬૬ |
| ૨૯,૭૭,૦૨,૩૮૩ | ખર્ચ તથા માલ ખરીદી અંગેના દેવા :- | | ૫૯,૭૫,૯૪,૬૮૫ |
| ૧૯,૬૧,૪૯,૮૦૦ | સભાસદ શેરડી હિસાબનાં જમા :- | | ૨૨,૬૦,૯૫,૪૦૦ |
| ૪,૯૦,૨૩,૩૧,૯૫૯ | કુલ સરવાળો | | ૪,૮૬,૮૫,૮૨,૯૫૪ |

નોંધ :- પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

તપાસ્યુ, સામાન્ય શેરોને આધિન.

સ્થળ :- મઢી.
તા. ૨૦-૦૯-૨૦૧૪

મિતીષ એસ. મોદી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, સર્ટીફાઈડ ઓડીટર્સ,
પેનલ નં. ૬૨૪ (સુરત)

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

# સહકારી મંડળી લિ; મઢી.

## રોજનું સરવૈયું (સુગર યુનિટ)

| ગયા વર્ષના આંકડા | મિલ્કત તથા લેણું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧,૩૫,૩૮,૬૦,૯૮૮ | સ્થાયી મિલ્કત (મુળ કિંમતે) :-<br>**પરિશિષ્ટ નં. -૯ મુજબ** | | ૧,૩૮,૪૯,૭૫,૬૬૨ |
| ૩,૪૪,૨૬,૦૭૭ | ઈન્વેસ્ટમેન્ટ (ખરીદ કિંમતે) :-<br>**પરિશિષ્ટ નં. -૧૦ મુજબ** | | ૩,૪૪,૨૬,૦૭૭ |
| ૨,૫૭,૧૧,૨૧,૫૪૧ | ચલણી મિલ્કત :-<br>**પરિશિષ્ટ નં. -૧૧ મુજબ** | | ૨,૫૫,૧૦,૯૯,૧૨૫ |
| ૬૫,૦૫,૨૩,૨૩૮ | લોન તથા એડવાન્સીસ<br>**સભાસદોને ખાતર ધિરાણ :** | ૬,૪૬,૫૧,૧૫૮ | ૩૫,૩૯,૬૭,૬૫૪ |
| | **ખર્ચ અંગેના બાકી લેણા તથા એડવાન્સ** | ૨૮,૯૩,૧૬,૪૯૬ | |
| ૬,૩૩,૩૦૦ | ડીપોઝીટ :-<br>**ધી સુરત ડી. કો. ઓ. બેંક લિ; તથા અન્ય** | | ૬,૩૩,૩૦૦ |
| ૨૩,૦૨,૦૭,૧૭૭ | શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. **(ડિસ્ટીલરી કમ ઈથેનોલ યુનિટ) :-** | | ૨૩,૬૫,૬૨,૦૨૬ |
| ૪,૯૩,૪૬,૯૭૭ | રોકડ તથા બેંક પુરાંત :-<br>**બેંકના કરંટ ખાતાઓ** | ૨૭,૧૬,૨૧,૦૪૯ | ૨૯,૫૦,૩૨,૩૬૭ |
| | **રોકડ સિલક હાથ પર** | ૨,૩૪,૧૧,૩૧૮ | |
| ૧,૨૨,૧૨,૬૬૧ | નફા-નુકશાન ખાતુ :-<br>**પાછલી ખોટ** | ૧,૨૨,૧૨,૬૬૧ | ૧,૧૮,૮૬,૭૪૩ |
| | **બાદ : ચાલુ વર્ષનો નફો** | ૩,૨૫,૯૧૮ | |
| ૪,૯૦,૨૩,૩૧,૯૫૯ | **કુલ સરવાળો** | | ૪,૮૬,૮૫,૮૨,૯૫૪ |

**એમ. એલ. રાઠોડ**
મેનેજીંગ ડાયરેક્ટર

**સુરેશભાઈ જે. પટેલ**
ઉપ-પ્રમુખ

**દીલીપભાઈ બી. ભક્ત**
પ્રમુખ

## પરિશિષ્ટ - ૧

(સુગર યુનિટ)

| ઉત્પાદન ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૧૩ | તા. ૩૧-૦૩-૨૦૧૪ |
|---|---|---|
| સરપણ બળતણ ખર્ચ | ૨૭,૮૧,૬૯૧ | ૨૨,૭૯,૭૧૮ |
| લુબ્રીકન્ટસ ખર્ચ | ૧,૦૪,૩૬,૬૭૮ | ૮૦,૦૬,૨૪૫ |
| કેમીકલ ખર્ચ | ૩,૮૨,૫૭,૯૬૮ | ૩,૫૨,૭૮,૨૮૨ |
| પેકીંગ ખર્ચ | ૬,૨૭,૧૩,૨૫૫ | ૫,૫૦,૮૩,૫૬૪ |
| ઈલેકટ્રીક ખર્ચ | ૧,૩૨,૨૬,૫૮૩ | ૧,૫૯,૧૯,૮૧૩ |
| રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ પ્લાન્ટ મશીનરી ખર્ચ | ૮,૨૮,૩૯,૫૨૮ | ૯,૮૮,૨૮,૦૩૬ |
| પગાર તથા મજુરી ખર્ચ | ૧૮,૦૨,૬૮,૯૫૭ | ૧૮,૭૫,૬૧,૨૧૭ |
| કુલ સરવાળો | ૩૯,૦૫,૨૪,૬૬૦ | ૪૦,૨૯,૫૬,૮૭૫ |

## પરિશિષ્ટ - ૨

| વહીવટી ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૧૩ | તા. ૩૧-૦૩-૨૦૧૪ |
|---|---|---|
| પગાર ખર્ચ | ૪,૧૫,૨૦,૪૦૦ | ૪,૨૮,૫૦,૦૦૦ |
| રેઈટસ એન્ડ ટેક્ષીસ | ૩૩,૬૫,૬૧૬ | ૨૯,૪૭,૦૩૬ |
| વોટર શેષ | ૧૫,૪૧,૫૧૬ | ૧૧,૩૯,૦૦૫ |
| વિમા ખર્ચ | ૪૫,૫૪,૬૮૦ | ૬૬,૩૯,૬૪૭ |
| વ્યાજ ખર્ચ | ૯,૦૦,૫૭,૬૫૯ | ૧૩,૯૨,૯૨,૦૦૯ |
| તાર-ટપાલ ટેલીફોન ખર્ચ | ૩,૦૯,૪૨૧ | ૩,૭૬,૮૩૨ |
| પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી ખર્ચ | ૧૨,૩૬,૨૬૫ | ૧૩,૧૪,૨૨૬ |
| મુસાફરી ખર્ચ | ૩,૯૫,૪૫૭ | ૨,૯૬,૨૦૩ |
| ઓડિટ ફી | ૧૧,૪૬,૩૦૮ | ૧૧,૫૦,૩૯૨ |
| વાહન ખર્ચ | ૪૧,૭૬,૮૨૬ | ૨૬,૪૪,૮૧૬ |
| જનરલ મીટીંગ ખર્ચ | ૪,૧૫,૩૦૦ | ૪,૭૪,૯૬૮ |
| બાંધકામ ફર્નીચર ખર્ચ (રીપેર્સ એન્ડ મેઈન્ટેન્સ) | ૨૮,૮૬,૨૦૮ | ૧૮,૨૯,૨૮૦ |
| બાગ બગીચા ખર્ચ | ૨,૦૭,૦૭૫ | ૩,૭૧,૨૩૫ |
| ઔષધ ખર્ચ | ૩૪,૭૪,૦૨૩ | ૩૬,૭૮,૭૪૨ |
| ડીઝલ ઓઈલ પંપ આવક ખર્ચ | -- | ૨,૦૫,૮૧૩ |
| અન્ય ખર્ચ પરિશિષ્ટ ૧૨ મુજબ | ૧,૦૨,૭૯,૯૦૮ | ૭૬,૧૮,૮૭૦ |
| કુલ સરવાળો | ૧૬,૫૫,૬૬,૬૬૨ | ૨૧,૨૮,૨૯,૦૭૪ |

## પરિશિષ્ટ - ૩ (સુગર યુનિટ)

| ખાંડ વેચાણ | રૂપિયા |
|---|---|
| ખાંડ વેચાણ | ૩,૧૧,૩૪,૬૪,૯૫૯ |
| બાદ : એકસાઈઝ ડયુટી | ૬,૬૮,૯૫,૨૭૭ |
| | ૩,૦૪,૬૫,૬૯,૬૮૨ |
| બાદ : શિક્ષણ શેષ | ૨૦,૦૬,૮૫૮ |
| | ૩,૦૪,૪૫,૬૨,૮૨૪ |
| બાદ : સુગર શેષ | ૨,૨૬,૧૨,૪૮૮ |
| | ૩,૦૨,૧૯,૫૦,૩૩૬ |
| ઉમેરો : ખાંડ ભાવ તફાવત | ૧,૯૯,૭૮,૨૦૦ |
| | ૩,૦૪,૧૯,૨૮,૫૩૬ |
| બાદ : ફોરવર્ડીંગ ખર્ચ | ૫૬,૫૫,૬૨૪ |
| | ૩,૦૩,૬૨,૭૨,૯૧૨ |
| બાદ : ખાંડ કમીશન ખર્ચ | ૨૬,૩૬,૫૮૬ |
| | ૩,૦૩,૩૬,૩૬,૩૨૬ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૪ નો છેવટનો સ્ટોક | ૨,૩૫,૪૨,૯૯,૫૦૦ |
| | ૫,૩૮,૭૯,૩૫,૮૨૬ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૩ નો શરૂઆતનો સ્ટોક | ૨,૩૭,૭૩,૪૬,૧૨૫ |
| કુલ સરવાળો | ૩,૦૧,૦૫,૮૯,૭૦૧ |

## પરિશિષ્ટ - ૪

| મોલાસીસ વેચાણ | રૂપિયા |
|---|---|
| મોલાસીસ વેચાણ | ૨૫,૯૨,૫૩,૯૯૬ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૪ નો છેવટનો સ્ટોક | ૧૦,૫૧,૯૭,૭૨૯ |
| | ૩૬,૪૪,૫૧,૭૨૫ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૩ નો શરૂઆતનો સ્ટોક | ૧૦,૪૪,૬૧,૬૦૪ |
| કુલ સરવાળો | ૨૫,૯૯,૯૦,૧૨૧ |

## પરિશિષ્ટ - ૫

| બગાસ વેચાણ | રૂપિયા |
|---|---|
| બગાસ વેચાણ | ૬,૮૦,૫૮,૮૪૭ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૪ નો છેવટનો સ્ટોક | ૬૯,૦૦,૦૦૦ |
| | ૭,૪૯,૫૮,૮૪૭ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૩ નો શરૂઆતનો સ્ટોક | ૫૦,૬૦,૦૦૦ |
| | ૬,૯૮,૯૮,૮૪૭ |
| બાદ : બગાસ બેગીંગ ખર્ચ | ૫૮,૪૫,૧૦૩ |
| કુલ સરવાળો | ૬,૪૦,૫૩,૭૪૪ |

## પરિશિષ્ટ - ૬

(સુગર યુનિટ)

| અન્ય આવક | રૂપિયા |
|---|---|
| પરચુરણ આવક | ૧,૫૨,૧૭૦ |
| મકાન ભાડા | ૩૫,૭૭૦ |
| ખાતા ઉતારા ફી | ૩૧,૯૩૦ |
| વિમા કલેઈમ | ૨,૪૨,૦૧૬ |
| સેન્ટ્રલ એકસાઈઝ સેનવેટ સ્કીમ | ૪૧,૦૫,૮૬૮ |
| કંપોષ્ટ ખાતર વેચાણ | ૭૩,૯૩,૫૧૭ |
| ભાડા આવક | ૯૬,૯૮૭ |
| ટ્રક તોલાઈ | ૨,૦૪,૯૧૦ |
| સ્ટોર આવક | ૪૯,૯૨,૬૨૮ |
| કુલ સરવાળો | ૧,૭૨,૫૫,૭૯૬ |

## પરિશિષ્ટ - ૭

| રિઝર્વ ફંડ તથા અન્ય ફંડો | તા. ૧-૪-૨૦૧૩નાં રોજ કુલ કિંમત | વર્ષ દરમ્યાન વધારો | વર્ષ દરમ્યાન ઘટાડો | તા. ૩૧-૩-૨૦૧૪નાં રોજ કુલ કિંમત |
|---|---|---|---|---|
| રિઝર્વ ફંડ | ૧,૪૫,૨૩,૮૭૩ | ૭૪,૫૩૬ | -- | ૧,૪૫,૯૮,૪૦૯ |
| ઘસારા ફંડ | ૭૬,૦૦,૮૦,૬૩૭ | ૫,૦૦,૦૦,૦૦૦ | -- | ૮૧,૦૦,૮૦,૬૩૭ |
| મોલાસીસ ટૅન્ક રિઝર્વ | ૨૪,૪૩,૪૧૪ | - | -- | ૨૪,૪૩,૪૧૪ |
| કન્ટીજન્સી અનામત | ૧૪,૭૭,૨૫૫ | - | -- | ૧૪,૭૭,૨૫૫ |
| શકમંદ લેણાં ફંડ | ૩૮,૩૩૮ | - | -- | ૩૮,૩૩૮ |
| કુલ સરવાળો | ૭૭,૮૫,૬૩,૫૧૭ | ૫,૦૦,૭૪,૫૩૬ | -- | ૮૨,૮૬,૩૮,૦૫૩ |

## પરિશિષ્ટ - ૮

| સભાસદ થાપણ (તારણ વિનાની) | રૂપિયા |
|---|---|
| સભાસદ થાપણ | ૩૮,૪૯,૦૯,૫૦૦ |
| સભાસદ વિકાસ થાપણ | ૧૧,૪૭,૮૭,૮૭૫ |
| બાંધી મુદત થાપણ | ૩૧,૭૭,૫૦૦ |
| કુલ સરવાળો | ૫૦,૨૮,૭૪,૮૭૫ |

## પરિશિષ્ટ - ૯

(સુગર યુનિટ)

| સ્થાયી મિલ્કત | તા. ૧-૪-૨૦૧૩નાં રોજ કુલ કિંમત | વર્ષ દરમ્યાન વધારો | વર્ષ દરમ્યાન ઘટાડો | તા. ૩૧-૩-૨૦૧૪નાં રોજ કુલ કિંમત |
|---|---|---|---|---|
| જમીન | ૨,૯૮,૭૦૪ | -- | -- | ૨,૯૮,૭૦૪ |
| બાંધકામ | ૧૫,૮૮,૭૨,૫૫૨ | ૩૮૯૪૩૭૬ | -- | ૧૬,૨૭,૬૬,૯૩૮ |
| સુગર પ્લાન્ટ મશીનરી | ૧,૦૮,૦૧,૬૦,૧૫૩ | ૨૫૪૩૪૬૬૭૯ | -- | ૧,૧૦,૫૫,૦૬,૮૩૨ |
| વોટર વર્કસ | ૨૪,૭૦,૭૧૬ | -- | -- | ૨૪,૭૦,૭૧૬ |
| એન્જી. મશીનરી | ૨,૩૩,૦૧૪ | -- | -- | ૨,૩૩,૦૧૪ |
| વર્કશોપ મશીનરી | ૬૭,૦૭,૦૮૧ | -- | -- | ૬૭,૦૭,૦૮૧ |
| વે બ્રીજીસ એન્ડ સ્કેલ | ૧૮,૫૪,૬૨૬ | ૬૪૯૯૯ | -- | ૧૯,૧૯,૬૨૫ |
| ઈલેક્ટ્રીક ઈન્સ્ટોલેશન | ૪,૦૦,૯૭,૩૫૫ | ૯૧૪૦૫૬ | -- | ૪,૧૦,૧૧,૪૧૧ |
| લાયબ્રેરી | ૧,૪૦,૧૨૬ | -- | -- | ૧,૪૦,૧૨૬ |
| ટ્રક-ટ્રેકટર | ૫૧,૩૩,૦૯૪ | -- | -- | ૫૧,૩૩,૦૯૪ |
| કાર-જીપ | ૬૮,૩૭,૫૬૫ | -- | -- | ૬૮,૩૭,૫૬૫ |
| ડેડ-સ્ટોક | ૫,૧૦,૨૦૮ | ૧૪૦૦૦ | -- | ૫,૨૪,૨૦૮ |
| ફર્નીચર | ૪૨,૦૧,૫૫૬ | ૯૪૫૧ | -- | ૪૨,૧૧,૦૦૭ |
| ઓફિસ ઈકવીપમેન્ટ | ૩૦,૨૪,૬૮૬ | -- | -- | ૩૦,૨૪,૬૮૬ |
| ડીસ્પેન્સરી | ૧૩,૩૦૫ | -- | -- | ૧૩,૩૦૫ |
| ટ્રેઈલર એન્ડ કાર્ટ | ૬૭,૮૨,૯૭૧ | -- | ૧૫,૦૦૦ | ૬૭,૬૭,૯૭૧ |
| હોટ વોટર ટ્રીટમેન્ટ | ૩,૭૫,૪૬૩ | -- | -- | ૩,૭૫,૪૬૩ |
| વાયરલેસ ખાતુ | ૬,૨૨,૭૫૯ | -- | -- | ૬,૨૨,૭૫૯ |
| બાયો કંપોષ્ટ લેબો. | ૩૪,૮૯,૩૧૩ | -- | -- | ૩૪,૮૯,૩૧૩ |
| ટીસ્યુ લેબ | ૭,૨૭,૪૯૪ | -- | -- | ૭,૨૭,૪૯૪ |
| લેબ ઈકવીપમેન્ટ | ૨,૭૭,૬૦૯ | ૮૮૬૧૧૩ | -- | ૧૧,૬૩,૭૨૨ |
| સોઈલ લેબ | ૯,૨૬૬ | -- | -- | ૯,૨૬૬ |
| હાર્વેસ્ટર મશીન | ૧,૫૨,૯૪,૯૬૭ | -- | -- | ૧,૫૨,૯૪,૯૬૭ |
| ઈ.ટી. પ્લાન્ટ | ૧,૫૫,૨૮,૩૯૫ | -- | -- | ૧,૫૫,૨૮,૩૯૫ |
| સુગર કેઈન પ્લાન્ટર | ૧,૯૮,૦૦૦ | -- | -- | ૧,૯૮,૦૦૦ |
| કુલ સરવાળો | ૧,૩૫,૩૮,૬૦,૯૮૮ | ૩,૧૧,૨૯,૬૭૪ | ૧૫,૦૦૦ | ૧,૩૮,૪૯,૭૫,૬૬૨ |

## પરિશિષ્ટ - ૧૦

| ઈન્વેસ્ટમેન્ટ | રૂપિયા |
|---|---|
| નેશનલ હેવી એન્જીનીયરીંગ કો.ઓપ.સો. લિ; ન્યુ-દિલ્હી | ૩,૦૦,૦૦૦ |
| ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લિ; અમદાવાદ | ૫,૦૦૦ |
| ઈન્ડીયન ફાર્મસ ફર્ટીલાઈઝર કો. ઓપ. લિ; દિલ્હી | ૧,૯૩,૮૦૦ |
| ધી સુરત ડી. કો. ઓપ. બેંક લિ; સુરત | ૬,૧૨,૫૦૦ |
| ધી સુરત જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ; સુરત | ૫૦૦ |
| ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. માર્કેટીંગ ફેડરેશન સોસાયટી લિ; અમદાવાદ | ૧૨,૦૦૦ |
| નેશનલ કો. ઓ. માર્કેટ ફેડરેશન લી-દિલ્હી નાફેડ | ૯૬,૦૦૦ |
| કૃષક ભારતી કો. ઓપરેટીવ લિ; | ૧,૦૦,૦૦૦ |
| ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર કંપની લિ; અમદાવાદ | ૪૭,૭૭૭ |
| ગુજરાત કો. ઓ. પેડી ડાંગર ગ્રોઅર્સ ફેડરેશન લિ; અમદાવાદ | ૫૧,૦૦૦ |
| પોસ્ટ ઓફિસ મઢી. | ૧,૦૦૦ |
| ગોદાવરી ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલ લિ; | ૫,૦૦૦ |
| નેશનલ સેવિંગ્સ સર્ટીફિકેટ | ૧,૫૦૦ |
| કોપર કો. ઓ. સુગર લિ; દાદરીયા | ૩,૩૦,૦૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૩,૪૪,૨૬,૦૭૭ |

## પરિશિષ્ટ - ૧૧

(સુગર યુનિટ)

| ચલણી મિલ્કત | તા. ૩૧-૦૩-૨૦૧૩ | તા. ૩૧-૦૩-૨૦૧૪ |
|---|---|---|
| સ્પેર્સ | ૪,૦૬,૪૧,૬૯૧ | ૪,૨૫,૫૭,૪૬૬ |
| સ્ટોર્સ (મશીનરી) | ૩,૮૭,૪૭,૫૪૪ | ૩,૭૬,૫૩,૩૮૯ |
| ટુલ્સ એન્ડ ઈકવીપમેન્ટ | ૧૧,૭૯,૯૪૫ | ૧૩,૬૫,૪૬૯ |
| મેનેજીંગ ડીરેકટરશ્રીએ પ્રમાણિત કરેલી યાદી મુજબ | | |
| ખાંડ સ્ટોક | ૨,૩૭,૭૩,૪૬,૧૨૫ | ૨,૩૫,૪૨,૯૯,૫૦૦ |
| મોલાસીસ સ્ટોક | ૧૦,૪૪,૬૧,૬૦૪ | ૧૦,૫૧,૯૭,૭૨૯ |
| બાયો કંપોસ્ટ એનરીચ સ્ટોક | ૧૫,૧૧,૩૭૫ | ૨૫,૧૨,૫૦૦ |
| બગાસ સ્ટોક | ૫૦,૬૦,૦૦૦ | ૬૯,૦૦,૦૦૦ |
| ડિઝલ સ્ટોક | ૨૧,૭૩,૨૫૭ | ૬,૧૩,૦૭૨ |
| કુલ સરવાળો | ૨,૫૭,૧૧,૨૧,૫૪૧ | ૨,૫૫,૧૦,૯૯,૧૨૫ |

## પરિશિષ્ટ - ૧૨

| અન્ય ખર્ચ | રૂપિયા |
|---|---|
| વાયરલેસ ખર્ચ | ૪,૮૦૦ |
| મેમ્બરશીપ ફીઝ | ૨૬,૪૨,૦૭૧ |
| જાહેરાત ખર્ચ | ૪,૧૪,૧૭૧ |
| ગેસ્ટ હાઉસ ખર્ચ | ૧,૮૨,૮૨૪ |
| બેંક ચાર્જીસ ખર્ચ | ૪૬,૫૭૨ |
| લીગલ ચાર્જીસ | ૩૫,૦૦૦ |
| શેરડી વિકાસ ખર્ચ | ૨,૩૫,૫૨૭ |
| શેરડી ઈનામ | ૫,૪૨૭ |
| પેપર એન્ડ સામાયિક | ૧૮,૪૬૩ |
| કોમ્પ્યુટર ખર્ચ | ૧૦,૮૧,૬૫૦ |
| પરચુરણ ખર્ચ | ૯,૩૭,૯૭૮ |
| સોઈલ લેબ ખર્ચ | ૧,૬૯,૪૫૫ |
| જે.સી.બી. ખર્ચ | ૩,૬૭,૭૭૮ |
| સર્વિસ ટેક્ષ | ૨,૬૪,૫૯૮ |
| કન્સલ્ટીંગ ફી | ૧૨,૧૨,૫૫૬ |
| કુલ સરવાળો | ૭૬,૧૮,૮૭૦ |

## પરિશિષ્ટ - ૧

(ડિસ્ટીલરી યુનિટ)

| મોલાસીસ ખરીદી | રૂપિયા |
|---|---|
| શરૂઆતનો સ્ટોક (તા. ૦૧-૦૪-૨૦૧૩) | ૩૧,૦૯,૬૦૦ |
| ઉમેરો : ખરીદી | ૧૪,૦૯,૯૫,૪૦૦ |
| બાદ : છેવટનો સ્ટોક (તા. ૩૧-૦૩-૨૦૧૪) | ૩૦,૪૫,૬૦૦ |
| કુલ સરવાળો | ૧૪,૧૦,૫૯,૪૦૦ |

## પરિશિષ્ટ - ૨

| રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ | રૂપિયા |
|---|---|
| રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ | ૩૨,૦૨,૪૨,૮૯૯ |
| બાદ : કમીશન ખર્ચ | ૮૨,૧૯,૦૪૬ |
| | ૩૧,૨૦,૨૩,૮૫૩ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૪ નો છેવટનો સ્ટોક | ૧૦,૫૪,૦૬,૪૫૪ |
| | ૪૧,૭૪,૩૦,૩૦૭ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૩ નો શરૂઆતનો સ્ટોક | ૧૨,૨૪,૯૦,૧૯૮ |
| કુલ સરવાળો | ૨૯,૪૯,૪૦,૧૦૯ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## ડીસ્ટીલરી કમ

### તા. ૩૧મી માર્ચ ૨૦૧૪ ના રોજ પુરા થતાં

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૧૨,૬૧,૪૫,૪૦૦ | મોલાસીસ ખરીદ (પરિશિષ્ટ – ૧ મુજબ) | ૧૪,૧૦,૫૯,૪૦૦ |
| ૨૮,૨૭,૯૨૫ | રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ ડીસ્ટીલરી પ્લાન્ટ | ૭૪,૧૩,૬૭૬ |
| ૧૯,૧૮૮ | પરચુરણ ખર્ચ | ૨૨,૬૯૦ |
| ૫,૪૮,૭૭૭ | મજુરી ખર્ચ | ૭,૯૬,૭૯૦ |
| ૨,૩૨,૫૫૩ | કામદાર કર્મચારી ઓવર ટાઈમ | ૨,૫૨,૭૫૫ |
| ૨,૦૯,૫૪૩ | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ | -- |
| ૨,૩૫,૬૮૫ | રેઈટ એન્ડ ટેક્ષીસ | ૩,૦૨,૧૩૧ |
| ૨૧,૯૨૦ | લેબોરેટરી ખર્ચ | ૮,૭૭૨ |
| ૭,૬૮૦ | બાયો ફર્ટીલાઈઝર ખર્ચ | -- |
| ૫૬,૬૫,૩૮૪ | પગાર ખર્ચ | ૫૯,૧૬,૬૬૪ |
| ૬,૪૧,૫૩૫ | વ્યાજ ખર્ચ | ૪,૫૦,૦૧૯ |
| ૧,૦૪,૪૦,૯૯૫ | કેમીકલ ખર્ચ | ૧,૦૬,૮૬,૪૬૨ |
| ૧,૦૦,૩૫૯ | પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી ખર્ચ | ૫૫,૫૦૦ |
| ૩૨,૦૨,૩૯૩ | સ્પેન્ટવોશ નિકાલ ખર્ચ | ૫,૪૭,૪૪૬ |
| ૨૧,૩૧૫ | મુસાફરી ખર્ચ | ૬૫,૩૮૯ |
| ૧૩,૧૦,૦૩૨ | વિમા ખર્ચ | ૧૩,૩૮,૩૫૫ |
| ૧,૦૭,૨૮૨ | કન્સલ્ટીંગ ફી | ૧,૦૧,૧૨૪ |
| ૭૯,૩૫૬ | લુબ્રીકન્ટ ખર્ચ | -- |
| -- | બાગ બગીચા ખર્ચ | ૧,૩૧,૯૦૦ |
| ૧,૦૪,૯૨,૬૫૮ | ઘસારા ખર્ચ | ૧,૩૫,૮૦,૨૧૯ |
| ૭,૨૧,૯૩,૪૦૧ | ચોખ્ખો નફો | ૧૧,૨૫,૮૮,૫૧૭ |
| ૨૩,૪૫,૦૩,૩૮૧ | કુલ સરવાળો | ૨૯,૫૩,૧૮,૧૦૯ |

નોંધ :– પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

સ્થળ :– મઢી.
તા. ૨૦–૦૯–૨૦૧૪

તપાસ્યુ, સામાન્ય શેરોને આધિન.

મિતીષ એસ. મોદી એન્ડ ક્રાં.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, સર્ટીફાઈડ ઓડીટર્સ,
પેનલ નં. ૬૨૪ (સુરત)

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

# સહકારી મંડળી લિ; મઢી.

## ઈથેનોલ પ્રોજેક્ટ

### ઉત્પાદન વેપાર તથા નફા-નુકશાન ખાતુ

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૨૩,૪૫,૦૩,૩૮૧ | રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ (પરિશિષ્ટ-૨ મુજબ) | ૨૯,૪૯,૪૦,૧૦૯ |
| | પરચુરણ આવક | ૩,૭૮,૦૦૦ |
| ૨૩,૪૫,૦૩,૩૮૧ | કુલ સરવાળો | ૨૯,૫૩,૧૮,૧૦૯ |

| | | |
|---|---|---|
| એમ. એલ. રાઠોડ | સુરેશભાઈ જે. પટેલ | દીલીપભાઈ બી. ભકત |
| મેનેજીંગ ડાયરેકટર | ઉપ-પ્રમુખ | પ્રમુખ |

## શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ
### ડીસ્ટીલરી ફંડ
### તા. ૩૧મી માર્ચ ૨૦૧૪ ના

| ગયા વર્ષના આંકડા | પુંજી તથા દેવું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧૫,૮૦,૧૩,૭૭૬ | શ્રી મઢી વિભાગ ખાંડ ઉ. સ. મં. લિ; મઢી. (સુગર યુનિટ) | | ૧૨,૩૯,૭૩,૫૦૯ |
| ૫૬,૨૩,૯૦૦ | બાંધીમુદત થાપણ | | ૪૩,૩૫,૬૦૦ |
| ૯૧,૧૩,૫૭૮ | ખર્ચ તથા માલ ખરીદી અંગેના દેવા | | ૬૫,૯૫,૬૫૫ |
| | વ્યાજના બાકી દેવા ખાતુ | ૪૬,૦૯,૭૨૩ | |
| | વેપારી ખાતુ | ૧૯,૮૫,૯૩૨ | |
| ૧૦,૨૫,૨૦,૩૭૩ | ઘસારા ફંડ | | ૧૧,૬૧,૦૦,૫૯૨ |
| | ગયા વર્ષ સુધીનું | ૧૦,૨૫,૨૦,૩૭૩ | |
| | ચાલુ વર્ષનો વધારો | ૧,૩૫,૮૦,૨૧૯ | |
| ૭,૨૧,૯૩,૪૦૧ | નફા-નુકશાન ખાતુ | | ૧૧,૨૫,૮૮,૫૧૭ |
| | ચાલુ વર્ષનો નફો સુગર યુનિટ ખાતે લઈ ગયા | | |
| ૩૪,૭૪,૬૫,૦૨૮ | કુલ સરવાળો | | ૩૬,૩૫,૯૩,૮૭૩ |

નોંધ :- પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

સ્થળ :- મઢી.
તા.૨૦-૦૯-૨૦૧૪

**તપાસ્યુ, સામાન્ય શેરોને આધિન.**

મિતીષ એસ. મોદી એન્ડ કો.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, સર્ટીફાઈડ ઓડીટર્સ,
પેનલ નં. ૬૨૪ (સુરત)

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

# સહકારી મંડળી લિ; મઢી.

## ઈથેનોલ પ્રોજેક્ટ

### રોજનું સરવૈયુ

| ગયા વર્ષના આંકડા | મિલ્કત તથા લેણું | | રૂપિયા |
|---|---|---|---|
| ૨૦,૧૫,૫૮,૨૧૦ | સ્થાયી મિલ્કત (મુળ કિંમતે) | . | ૨૦,૬૦,૯૯,૪૭૦ |
| | બાંધકામ | ૬,૩૭,૦૧,૩૦૨ | |
| | પ્લાન્ટ અને મશીનરી | ૧૩,૦૬,૬૮,૯૦૯ | |
| | ઈલેક્ટ્રીક ઈન્સ્ટોલેશન | ૧,૦૭,૪૬,૦૫૮ | |
| | લેબ ઈકવીપમેન્ટ | ૬,૮૩,૮૯૨ | |
| | લેબોરેટરી | ૧,૨૮,૬૬૯ | |
| | ફર્નિચર | ૧,૪૨,૧૪૦ | |
| | ઓફિસ ઈકવીપમેન્ટ | ૨૮,૫૦૦ | |
| ૧૩,૩૫,૭૮,૬૬૭ | ચલણી મિલ્કત | | ૧૧,૭૨,૩૦,૦૯૧ |
| | રેકટીફાઈડ સ્પીરીટ સ્ટોક (૩૧-૦૩-૨૦૧૪) | ૧૦,૫૪,૦૬,૪૫૪ | |
| | મોલાસીસ સ્ટોક (૩૧-૦૩-૧૪) | ૩૦,૪૫,૬૦૦ | |
| | મશીનરી સ્ટોર્સ | ૧૪,૩૫,૮૨૭ | |
| | કેમીકલ સ્ટોર્સ | ૬૯,૫૯,૫૮૧ | |
| | ઈલેક્ટ્રીક સ્ટોર્સ | ૩,૮૨,૬૨૯ | |
| ૧,૨૩,૨૮,૧૫૧ | ખર્ચ અંગેના બાકી લેણા | | ૪,૦૨,૬૪,૩૧૨ |
| | ગ્રાહક | ૩,૯૩,૩૮,૫૭૪ | |
| | અગાઉ થી ચુકવેલ વિમો | ૯,૨૫,૭૩૮ | |
| ૩૪,૭૪,૬૫,૦૨૮ | કુલ સરવાળો | | ૩૬,૩૫,૯૩,૮૭૩ |

| એમ. એલ. રાઠોડ | સુરેશભાઈ જે. પટેલ | દીલીપભાઈ બી. ભકત |
|---|---|---|
| મેનેજીંગ ડાયરેકટર | ઉપ-પ્રમુખ | પ્રમુખ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## સંસ્થાએ છેલ્લા દશ વર્ષમાં કરેલ

| અ.નં. | વિગત | ૨૦૦૪-૨૦૦૫ | ૨૦૦૫-૨૦૦૬ | ૨૦૦૬-૨૦૦૭ | ૨૦૦૭-૨૦૦૮ |
|---|---|---|---|---|---|
| ૧. | શેરડી વાવેતર (એકરમાં) | ૨૪,૦૩૫.૨૮ | ૪૪,૯૩૯.૧૪ | ૪૪,૭૮૩.૩૧ | ૪૫,૪૭૨.૧૯ |
| ૨. | એકર દીઠ શેરડીનો ઉતારો(ટનમાં) | ૩૧.૧૮૭ | ૩૧.૬૨૩ | ૩૨.૫૨૮ | ૩૧.૫૨૩ |
| ૩. | શેરડીનું પીલાણ (ટનમાં) | ૭,૮૪,૯૦૭ | ૧૦,૬૧,૮૭૦ | ૧૧,૮૦,૯૦૭ | ૧૪,૯૪,૩૬૦ |
| ૪. | સીઝન દરમ્યાન પીલાણના દિવસો | ૧૨૧ | ૧૯૫ | ૨૨૮ | ૧૯૯ |
| ૫. | ખાંડનું ઉત્પાદન (દાગીના કવીન્ટલ) | ૮,૫૦,૩૨૧ | ૧૧,૬૧,૬૮૬ | ૧૩,૧૩,૧૭૫ | ૧૫,૩૮,૩૮૫ |
| ૬. | ખાંડની રીકવરી | ૧૦.૭૭ | ૧૦.૯૩ | ૧૧.૧૨ | ૧૦.૩૦ |
| ૭. | દાગીના દીઠ કુલ ઉત્પાદન ખર્ચ | ૧,૯૫૩.૭૯ | ૧,૯૫૯.૮૭ | ૧,૪૨૮.૧૨ | ૧,૪૯૮.૧૭ |
| ૮. | ખાંડ ઉપજ રાશ (દાગીના દીઠ) | ૧,૭૯૮.૬૮ | ૧,૮૧૫.૬૯ | ૧,૨૭૨.૫૪ | ૧,૩૨૫.૩૮ |
| ૯. | શેરડીનો ચુકવેલ ભાવ (ટીન દીઠ) | ૧,૫૭૭ | ૧,૭૧૬ | ૧,૦૬૬ | ૧,૧૯૧ |
| | | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) |
| ૧૦. | સભાસદ સંખ્યા | ૧૫,૫૭૬ | ૧૬,૩૯૬ | ૧૭,૪૯૧ | ૧૭,૫૩૦ |
| ૧૧. | શેર સંખ્યા | ૩૯,૮૪૫ | ૪૦,૪૫૫ | ૪૧,૩૮૯ | ૪૧,૩૯૨ |
| ૧૨. | રીઝર્વ ફંડ અને બીજા ફંડો (રૂા.) | ૪૫,૦૨,૮૪,૮૩૫ | ૪૯,૧૫,૧૮,૬૯૨ | ૫૨,૬૫,૮૯,૬૩૦ | ૫૬,૧૬,૨૦,૩૩૨ |
| ૧૩. | થાપણો (રૂા.) | ૮૮,૬૮,૧૧,૩૩૮ | ૮૫,૭૮,૬૨,૪૪૯ | ૭૧,૧૧,૬૮,૮૩૩ | ૫૨,૪૨,૮૧,૭૫૯ |
| ૧૪. | સ્થાયી મિલ્કત (રૂા.) | ૮૭,૪૫,૬૬,૪૧૯ | ૯૧,૪૫,૨૦,૪૧૬ | ૧,૦૫,૫૨,૫૪,૪૦૩ | ૧,૦૯,૨૪,૬૭,૮૨૭ |
| ૧૫. | આર.એસ.ઉત્પાદન (લીટર) | ૧૫,૧૭,૪૫૯ | ૬૦,૩૮,૧૫૦ | ૭૭,૫૦,૮૭૭ | ૯૬,૨૦,૩૮૮ |
| ૧૬. | મોલાસીસ વપરાશ (મે.ટન) | ૬,૨૧૦.૦૦૦ | ૨૨,૯૩૦.૦૦૦ | ૨૮,૫૨૨.૦૦૦ | ૩૫,૫૩૨.૦૦૦ |

નોંધ :- પીલાણ સીઝન ૨૦૧૪-૨૦૧૫ માં વાવેતર કુલ એકર ૩૯,૪૮૬.૩૪ ગુંઠા છે.
પીલાણ ૧૦,૦૦,૦૦૦ મે. ટન થશે.

# સહકારી મંડળી લિ; મઢી.

## કાર્યવાહી દર્શાવતું પત્રક

| ૨૦૦૮–૨૦૦૯ | ૨૦૦૯–૨૦૧૦ | ૨૦૧૦–૨૦૧૧ | ૨૦૧૧–૨૦૧૨ | ૨૦૧૨–૨૦૧૩ | ૨૦૧૩–૨૦૧૪ |
|---|---|---|---|---|---|
| ૪૩,૩૫૨.૩૨ | ૩૮,૬૪૪.૧૭ | ૪૫,૮૨૩.૨૩ | ૪૫,૦૩૭.૨૯ | ૪૨,૨૩૫.૨૪ | ૪૩,૫૨૫.૨૭ |
| ૨૫.૧૩૦ | ૩૦.૨૭૦ | ૩૧.૩૮૨ | ૨૬.૦૭૪ | ૩૦.૧૫૦ | ૨૮.૦૧૦ |
| ૧૧,૮૮,૫૯૩ | ૧૧,૪૩,૬૩૧ | ૧૧,૩૨,૭૫૨ | ૧૨,૫૭,૧૯૩ | ૧૦,૨૦,૪૯૪ | ૧૦,૪૨,૩૯૭ |
| ૧૩૯ | ૧૭૨ | ૨૧૨ | ૧૫૯ | ૧૬૩ | ૧૭૦ |
| ૧૨,૬૭,૧૮૫ | ૧૨,૦૮,૩૫૫ | ૧૧,૬૨,૮૧૫ | ૧૩,૧૯,૯૧૫ | ૧૦,૭૨,૭૩૦ | ૧૦,૯૯,૫૯૦ |
| ૧૦.૬૬ | ૧૦.૫૭ | ૧૦.૨૭ | ૧૦.૫૦ | ૧૦.૫૧ | ૧૦.૫૫ |
| ૨,૩૧૭.૦૭ | ૨,૯૩૨.૧૭ | ૨,૭૭૬.૯૯ | ૩,૧૧૪.૯૫ | ૩,૫૬૯.૭૫ | ૩,૧૬૫.૬૮ |
| ૧,૯૯૫.૭૦ | ૨,૬૬૦.૯૯ | ૨,૫૨૭.૪૬ | ૨,૭૫૯.૪૫ | ૩,૧૬૭.૧૦ | ૨,૭૩૭.૯૨ |
| ૨,૧૮૫ | ૨,૬૩૬ | ૨,૩૦૬ | ૨,૮૪૬ | ૩,૧૧૬ | ૨,૬૫૬ |
| (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) |
| ૧૭,૬૨૧ | ૧૭,૬૭૯ | ૧૭,૭૮૫ | ૧૭,૮૭૪ | ૧૮,૦૩૨ | ૧૮,૧૭૧ |
| ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ |
| ૫૯,૬૬,૭૧,૪૩૨ | ૬૨,૯૨,૪૮,૧૩૮ | ૬૭,૯૩,૨૬,૨૮૦ | ૭૨,૯૩,૫૨,૪૮૯ | ૭૭,૮૫,૬૩,૫૧૭ | ૮૨,૮૬,૩૮,૦૫૩ |
| ૫૨,૧૨,૮૬,૯૮૬ | ૫૯,૮૭,૨૩,૫૦૨ | ૬૧,૧૦,૬૧,૮૯૫ | ૫૧,૩૩,૩૬,૫૯૫ | ૪૨,૦૫,૮૪,૦૯૫ | ૫૦,૨૮,૭૪,૮૭૫ |
| ૧,૧૪,૦૪,૫૨,૮૯૫ | ૧,૧૬,૪૦,૩૫,૫૫૦ | ૧,૨૨,૧૬,૯૮,૪૧૧ | ૧,૨૮,૫૫,૮૫,૫૨૬ | ૧,૩૫,૩૮,૬૦,૯૮૮ | ૧,૩૮,૪૯,૭૫,૬૬૨ |
| ૮૦,૭૭,૭૦૦ | ૬૭,૮૫,૦૦૦ | ૭૮,૬૭,૬૦૦ | ૯૫,૩૮,૪૦૦ | ૬૬,૦૭,૭૦૦ | ૭૩,૨૭,૯૦૦ |
| ૨૮,૯૦૬.૦૦૦ | ૨૫,૧૪૪.૦૦૦ | ૨૮,૬૮૨.૦૦૦ | ૩૪,૦૦૮.૦૦૦ | ૨૩,૮૨૨.૦૦૦ | ૨૬,૧૬૬.૦૦૦ |

## " શેરડીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ "

**પ્રસ્તાવના :-**

સભાસદ મિત્રો શેરડીનું પ્રતિ એકરે ઉત્પાદન દિન પ્રતિદિન ઘટતું જોવા મળે છે, તે માટેનાં અનેક પરિબળો જવાબદાર હોય છે. જેવા કે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો અભાવ, બિયારણની પસંદગી બાબતે નિષ્કાળજી, આડેઘડ રાસાયણિક ખાતરોનો વપરાશ, પાણીની અછત, મજુરોની અછત, વીજળીની અછત, સેન્દ્રિય ખાતરોનો નહિવત વપરાશ, જમીનમાં અપુરતા નિતાર તથા એ જ ચીલાચાલુ ખેતી પદ્ધતિ, સમયસર પાક સંરક્ષણના પગલાનો અભાવ વિગેરે મુખ્યત્વે ગણી શકાય. આવા વિપરીત સંજોગો વચ્ચે શેરડીનું ઉત્પાદન પ્રતિ એકર દીઠ વધારી શકાય તે માટે નીચે મુજબ વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો અમલ કરવો અત્યંત જરૂરી છે.

**જમીનની તૈયારી :-**

જમીનમાં પુરતી વરાપે પ્લાવ કરી, હેરો મારી તથા કલ્ટીવેટર કરી જમીન ભરભરી બનાવો તથા ૪ થી ૫ ફુટના અંતરે અથવા જોડીયા હાર પધ્ધતિ માટે ૨ ॥ ફુટના અંતરે નીકીયા કાઢો, હાર્વેસ્ટીંગ મશીનથી શેરડી કાપણી કરાવવા માટે ૪ (ચાર) ફુટના અંતરે નિકિયા કાઢવા તથા તેની સાથે જ નિતારની વ્યવસ્થા અચૂક કરવી.

**નિંદામણ નિયંત્રણ :-**

દિન-પ્રતિદિન મજુરોની અછતને ધ્યાનમાં લઈ શેરડીનાં ખેતરને શરૂઆતથી જ નિંદામણ મુકત રાખવા માટે શેરડી વાવેતર બાદ નિંદામણ ઉગ્યા પહેલાની દવા ૨૪ થી ૭૨ કલાકમાં અથવા નિંદામણ ઉગ્યા બાદની દવાઓ ૮ થી ૧૦ દિવસે અથવા ૧૫ થી ૧૭ દિવસે ભલામણ કરેલ માત્રામાં લઈ અચુક છંટકાવ કરો, જેનાથી નિંદામણનાં ખર્ચમાં ૪૦ થી ૫૦ ટકા જેટલો ઘટાડો કરી શકાશે.

**ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ :-**

જે વિસ્તારમાં પાણીની ખૂબજ અછત છે તેવા સભાસદો માટે તેમની શેરડીની ખેતીમાં ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ ખુબ જ આશિર્વાદરૂપ છે. ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ બેસાડવા માટે એસ. ટી. પ્રકારનાં ખેડૂતોને સરકારશ્રી તરફથી ૭૫ ટકા સુધી તથા સામાન્ય પ્રકારના ખેડૂતોને ૫૦ ટકા સુધી સબસીડી મળે છે. તદ્ઉપરાંત આપણી સંસ્થાના સભાસદ હોય તો તેમને સંસ્થા તરફથી પ્રતિ હેકટરે ₹ ૫,૦૦૦/- સબસીડી વધુમાં વધુ બે હેકટર માટે ₹ ૧૦,૦૦૦/- સુધી આપવાનું ચાલુ છે. આ બાબતે વધુ માહિતી માટે સંસ્થાનાં ખેતી વિભાગનો સંપર્ક કરવા વિનંતી છે.

**રાસાયણિક ખાતરો :-**

રાસાયણિક ખાતરોના ભાવોમાં થયેલ ધરખમ ભાવવધારાને ધ્યાનમાં લેતા રાસાયણિક ખાતરોની સાથે સેન્દ્રિય ખાતરોનો સમન્વય કરી સમયસર આપવા ખાસ ભલામણ છે. આની સાથે ખાતરોની કાર્યક્ષમતા વધારવા માટેની નીચે મુજબના પગલાંઓ અચુક લેવા ખાસ ભલામણ છે.

(૧) તમારી જમીનનાં નુમનાનું સંસ્થામાં કાર્યરત સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીમાં પૃથ્થકરણ કરાવી તેમાં ભલામણ કર્યા મુજબનાં જ ખાતરો વાપરવા.

(૨) ફોસ્ફેટીક ખાતરો જેવા કે ડી.એ.પી. / સિ. સુ. ફો. / નર્મદા ફોસ / એ. એસ. પી. વિગેરેમાં રહેલા ફોસ્ફરસ તત્વની લભ્યતા વધારવા માટે જૈવિક ખાતરો (બાયોફર્ટીલાઈઝર્સ) ફોસ્ફો, સોલ્યુબલાઈઝીંગ બેકટેરીયા ૧ કિ. ગ્રા./વિંઘુ મુજબ અચૂક ઉપયોગ કરો.

(૩) ફોસ્ફેટીક તથા પોટાશયુકત ખાતરો પાયામાં રોપણી સમયે તથા ભારે પાળીયા ચઢાવો ત્યારે અચૂક વાપરવા તથા આપ્યા બાદ હંમેશા માટીથી ઢાંકી દેવા તથા હંમેશા પાણી આપ્યા પહેલા આપવા.

(૪) નાઈટ્રોજનયુકત ખાતર ખાસ કરીને યુરીયા ખાતરને કોરૂ ન આપતા તેને નિમિન કોટેડ કરી અથવા લીંબોડીનાં તેલનો પટ આપી અથવા કોઈપણ પ્રકારના સેન્દ્રિય ખાતરો સાથે ભેળવીને શેરડીમાં પિયત આપ્યા બાદ જ આપવું. આમ નાઈટ્રોજનયુકત ખાતરો હંમેશા પાણી આપ્યા બાદ જ આપવું. આમ કરવાથી રાસાયણિક ખાતરોની કાર્યક્ષમતા વધશે. આમ રાસાયણિક ખાતરો ભલામણ કરેલ સમયે તથા ભલામણ કરેલ માત્રામાં જ આપવા અત્યંત જરૂરી છે.

**<u>શેરડીમાં પાક સંરક્ષણનાં પગલાંઓ</u> :-**

શેરડીનો પાક લાંબાગાળાનો તથા ખાંડનું પ્રમાણ વધુ ધરાવતો હોવાથી જુદીજુદી પ્રકારની જીવાતો તથા રોગોનો ઉપદ્રવ પણ જોવા મળે છે. (૧) જીવાતોમાં ખાસ કરીને વેધકોનો ઉપદ્રવ વધુ જોવા મળે છે. તો તેનું નિયંત્રણ ટ્રાઈકોકાર્ડ લગાવી કરવા ભલામણ છે. (૨) પાયરીલા નામની જીવાતનાં નિયંત્રણ માટે એપેરીકેનીયા નામની જીવાતના કોશેટા લાવી ઉપદ્રવવાળા પ્લોટમાં લગાવવા. (૩) સફેદ માખીનાં નિયંત્રણ માટે ટ્રાઈઝોફોસ નામની દવાનો ભલામણ કરેલ માત્રામાં છંટકાવ કરાવવો. (૪) ભીંગડાવાળી તથા ચીકટો(મીલીબગ્સ) નામની જીવાતનાં નિયંત્રણ માટે મેલાથીયોન નામની દવાનો છંટકાવ કરવો. (૫) સફેદ તથા લાલ પાન કથીરીનો ઉપદ્રવ જણાય તો કોઈપણ સીસ્ટેમીક પ્રકારની માઈટી સાઈડ દવા તથા (૬) વાઈટ વુલી એફીડસનાં નિયંત્રણ માટે મોનોક્રોટોફોસ/એસીફેટ દવાનો ભલામણ કરેલ માત્રામાં ૨૧-દિવસનાં અંતરે બે વખત છંટકાવ કરવો તથા ઉપદ્રવવાળા પાન ખેતરની બહાર કાઢી સળગાવીને નાશ કરવો.

**<u>શેરડીના રોગો તથા નિયંત્રણ</u> :-**

શેરડીનાં પાકમાં ખાસ કરીને ફુગ જન્ય મુખ્ય બે રોગો સુકારો (વીલ્ટ) તથા રાતડો (રેડ રોટ) નાં નિયંત્રણ માટે નીચે મુજબનાં પગલાંઓ અગાઉથી લેવા ભલામણ છે.

(૧) શેરડીનું ૮ થી ૧૦ માસનું અપરિપકવ રોગમુક્ત, તંદુરસ્ત બિયારણ વાપરવું.

(૨) શેરડીનાં બીજ પ્લોટમાં બીયારણને ફુગનાશક બાવીસ્ટીન દવાનો પટ આપીને તથા કોમર્શિયલ વાવેતર સમયે શેરડીનાં ટુકડાં ખેતરની બહાર પાડીને શોર્ટીંગ કરીને વાવેતર માટે ઉપયોગમાં લેવા.

(૩) રોગવાળા ખેતરનું પાણી રોગમુક્ત પ્લોટમાં ન જાય તે મુજબ પિયત આપવું તથા નિતાર વ્યવસ્થા કરવી.

(૪) '' સંકલિત રોગ નિયંત્રણ'' માં દર્શાવ્યા મુજબ સમયસર પાક સંરક્ષણનાં પગલાઓ અચૂક લેવા.

<u>શેરડીમાં લામ પાક વ્યવસ્થા</u> :–

મિત્રો શેરડીનો લામ પાક એ બોનસ પાક ગણાય છે. જેનું ઉત્પાદન નવું રોપાણની સરખામણીએ ઓછું આવે છે, તેને વધારવા માટેનાં નીચે મુજબનાં પાંચ પગલાંઓ શરૂઆતથી જ લેવા ખાસ અનુરોધ છે.

(૧) કાપણી થયેલ શેરડીના ભોંય સપાટ ખૂંટા ટીંચવા.

(૨) ખૂંટા ટીચેલ શેરડીનાં ખુલ્લા ભાગ પર તથા આજુબાજુ કાર્બેન્ડીઝમ દવા ૨ ગ્રામ/લીટર પાણી તથા કલોરપાઈરીફોસ દવા ૨ મીલી/લીટર પાણી મુજબ દ્રાવણ બનાવી ડ્રેચિંગ કરાવો.

(૩) ટ્રેકટરથી અથવા બળદજોડ એલનકરબથી બે વખત ખેડ કરી જુના મુળો તોડવા.

(૪) પ્રથમ પાણી આપો તેની સાથે જ ખાલા પૂરો.

(૫) રાસાયણિક ખાતરનો પ્રથમ હપ્તો ચાસની બાજુમાં ફરજિયાત ઓરીને જ આપવો.

આમ ઉપરોકત પાંચ મુદ્દાઓનો ફરજિયાત અમલ કરી ત્યારબાદ ભલામણ મુજબનાં રાસાયણિક ખાતરો સમયસર આપવાથી લામ શેરડીનું ૪ થી ૫ ટન/એકરે દીઠ ઉત્પાદન વધારી શકાશે.

(૧) <u>શેરડીનાં ટીસ્યુકલ્ચર રોપાઓ</u> :–

ચાલુ શેરડી રો. સી. ૨૦૧૪–૨૦૧૫ દરમ્યાન શેરડીની વધુ ઉત્પાદન તથા રીકવરી આપતી જાતો કો. ૮૬૦૩૨, જાતના ટીસ્યુકલ્ચર રોપાઓ વી. એસ. આઈ., પુના તથા નવસારી કૃષિ યુનિર્વસીટી પાસેથી મેળવી ડીસેમ્બર થી માર્ચ–૨૦૧૫ સુધીમાં વિતરણ કરવાનું નકકી કરેલ છે. જેના છોડ દીઠ ₹ 3/– સબસીડી આપવાનું નકકી કરેલ છે. જે મેળવવા માટે ખેતી વિભાગમાં આવી જરૂરી માંગણી ફોર્મ ભરી જવા વિનંતી છે.

(૨) <u>બાયોકંટ્રોલ લેબોરેટરી</u> :–

સંસ્થામાં કાર્યરત બાયોકંટ્રોલ લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવેલા ટ્રાઈકોકાર્ડ, શેરડીના વેધકોનાં નિયંત્રણ માટે ૧–કાર્ડના ૭ સરખા ભાગ કરી એક એકરમાં શેરડીનાં પાનની નીચેની સપાટીએ લગાવવા. જે ''વિનામૂલ્યે'' વિતરણ કરવામાં આવે છે.

**(૩) પ્રેસમડ બાયો કંપોષ્ટ / એનરીચ પ્રેસમડ બાયો કંપોષ્ટ :-**

સંસ્થામાં કાર્યરત ડીસ્ટીલરી પ્લાન્ટમાંથી નીકળતું સ્પેન્ટ-વોશને પ્રેસમડ + ફ્લાય એશ તથા બગાસ મિશ્ર કરી તેમાં યોગ્ય માત્રામાં ઉમેરી પ્રેસમડ બાયોકંપોષ્ટ તૈયાર કરવામાં આવે છે. જેનું વેચાણ ₹ ૨૨૫.૦૦ પ્રતિટન + વાહતુક ચાર્જ મુજબના ભાવેથી આપવાનું નકકી કરેલ છે. વાહતુક ભાડા બાબતે સભાસદોને ચાલુ રો.સી. ૨૦૧૪-૨૦૧૫ દરમ્યાન વધુમાં વધુ ૪૦ કી.મી. સુધીનું ભાડું જે તે સભાસદ પાસેથી વસુલ કરવામાં આવશે. ૪૦ કી.મી. થી વધારાનાં કી. મી. નું વાહતુક સંસ્થા ભોગવશે.

તદ્ઉપરાંત સદર કંપોષ્ટમાં જરૂરી જૈવિક ખાતરોના કલ્ચરો તથા જૈવિક ફુગનાશક કલ્ચરો ઉમેરી એનરીચ-પ્રેસમડ કંપોષ્ટ તૈયારી કરી તેને ૫૦ કિ. ગ્રામની બેગ ભરી તૈયાર કરી ₹ ૪૫/- પ્રતિ ગુણી + ટ્રાન્સપોર્ટ ચાર્જ મુજબ તથા આવું એનરીચ પ્રેસમડ કંપોષ્ટ લુઝમાં ₹ ૪૭૫/- પ્રતિ ટન + ટ્રાન્સપોર્ટ ચાર્જ મુજબ વેચાણથી આપવાનું નકકી કરેલ છે, તો તેનો પણ શેરડીનાં પાકમાં વપરાશ કરવા ખાસ ભલામણ છે.

**(૪) સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી :-**

આપણી સંસ્થા હ્વારા આર. કે. વી. વાય. યોજનાં હેઠળ સોઈલ /મોઈક્રોન્યુટ્રીઅન્ટસ લેબોરેટરીની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં ચાલુ રોપાણ સીઝન ૨૦૧૪-૨૦૧૫ દરમ્યાન વાવેતર થયેલ હોય તેવા સભાસદોનાં સોઈલ સેમ્પલ વૈજ્ઞાનિક ઢબે પૃથ્થકરણ કરી તેમાં તેના રીપોર્ટ મોકલવામાં આવશે. તો તે મુજબ જ રાસાયણિક ખાતરોનો વિવેવપૂર્વક ઉપયોગ કરવા ખાસ ભલામણ છે.

આમ ઉપર મુજબની વૈજ્ઞાનિક પધ્ધતિથી વાવેતર કરી પ્રતિ એકરદીઠ ગુણવત્તાયુકત શેરડીનું વધુમાં વધુ ઉત્પાદન કરી તંદુરસ્ત શેરડીનો પુરવઠો પુરો પાડવા માટેની શકિત સૌને આપે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

આપનો વિશ્વાસુ,

હેમાંશુભાઈ જે. શાહ
કેઈન પ્રોકયોરમેન્ટ મેનેજર

મહાદેવભાઈ ડી. વશી
કેઈન ડેવલપમેન્ટ મેનેજર

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

| | | |
|---|---|---|
| ૨૦૧૨-૨૦૧૩ | સિઝન | ૨૦૧૩-૨૦૧૪ |
| ૧૦૨૦૪૯૩.૬૧૦ | પિલાણ શેરડી ટન | ૧૦૪૨૩૯૭.૩૦૦ |
| ૧૦,૭૨,૭૩૦ | ખાંડ ગુણી ઉત્પાદન | ૧૦,૯૯,૫૯૦ |
| ૧૦.૫૧ | રીકવરી | ૧૦.૫૫ |

| ખાંડ ગુણી દીઠ | રકમ રૂા. | શેરડી ટન દીઠ | વિગત | ખાંડ ગુણી દીઠ | રકમ રૂા. | શેરડી ટન દીઠ |
|---|---|---|---|---|---|---|
| ૩૧૬૭.૧૦ | ૩,૩૯,૭૪,૪૭,૮૬૫ | ૩૩૨૯.૨૨ | ખાંડ | ૨૭૩૭.૯૨ | ૩,૦૧,૦૫,૮૯,૭૦૧ | ૨૮૮૮.૧૪ |
| ૭૩.૬૩ | ૭,૮૯,૮૭,૯૯૪ | ૭૭.૪૦ | બગાસ | ૫૮.૨૫ | ૬,૪૦,૫૩,૭૪૪ | ૬૧.૪૫ |
| ૨૩૩.૫૭ | ૨૫,૦૫,૫૯,૯૦૦ | ૨૪૫.૫૩ | મોલાસીસ | ૨૩૬.૪૪ | ૨૫,૯૯,૯૦,૧૨૧ | ૨૪૯.૪૨ |
| ૦.૩૫ | ૩,૮૦,૧૧૬ | ૦.૩૭ | પ્રેસમડ | ૦.૩૫ | ૩,૮૩,૮૦૫ | ૦.૩૭ |
| ૧૩.૧૫ | ૧,૪૧,૦૯,૪૨૪ | ૧૩.૮૩ | વ્યાજ આવક | ૧૪.૯૪ | ૧,૬૪,૨૨,૮૯૭ | ૧૫.૭૫ |
| ૧૫.૦૬ | ૧,૬૧,૫૨,૩૩૬ | ૧૫.૮૩ | અન્ય આવક | ૧૫.૬૯ | ૧,૭૨,૫૫,૭૯૬ | ૧૬.૫૫ |
| ૬૭.૩૦ | ૭,૨૧,૯૩,૪૦૧ | ૭૦.૭૪ | ડીસ્ટીલરી વિભાગનો નફો | ૧૦૨.૩૯ | ૧૧,૨૫,૮૮,૫૧૭ | ૧૦૮.૦૧ |
| ૦.૧૦ | ૧,૦૩,૩૩૫ | ૦.૧૦ | વાહન વેચાણ નફો | - | - | - |
| **૩૫૭૦.૨૭** | **૩,૮૨,૯૯,૩૪,૩૭૧** | **૩૭૫૩.૦૨** | **કુલ આવક** | **૩૧૬૫.૯૮** | **૩,૪૮,૧૨,૮૪,૫૮૧** | **૩૩૩૯.૬૯** |
| ૨૯૪૫.૪૬ | ૩,૧૫,૯૬,૮૪,૭૧૨ | ૩૦૯૬.૨૩ | શેરડીના ચુકવ્યા | ૨૫૦૯.૬૯ | ૨,૭૫,૯૬,૨૪,૮૨૬ | ૨૬૪૭.૩૮ |
| ૫૯.૨૮ | ૬,૩૫,૯૫,૬૯૦ | ૬૨.૨૩ | શેરડી ખરીદ વેરો | ૫૦.૫૨ | ૫,૫૫,૪૭,૮૮૮ | ૫૩.૨૯ |
| | | | **ઉત્પાદન ખર્ચ** | | | |
| ૨.૫૯ | ૨૭,૮૧,૬૯૧ | ૨.૭૩ | બળતણ ખર્ચ | ૨.૦૭ | ૨૨,૭૯,૭૧૮ | ૨.૧૯ |
| ૯.૭૩ | ૧,૦૪,૩૬,૬૭૮ | ૧૦.૨૩ | લુબ્રીકન્ટસ ખર્ચ | ૭.૨૮ | ૮૦,૦૬,૨૪૫ | ૭.૬૮ |
| ૩૫.૬૬ | ૩,૮૨,૫૭,૬૯૮ | ૩૭.૪૯ | કેમીકલ ખર્ચ | ૩૨.૦૮ | ૩,૫૨,૭૮,૨૮૨ | ૩૩.૮૪ |
| ૫૮.૪૬ | ૬,૨૭,૧૩,૨૫૫ | ૬૧.૪૫ | પેકીંગ ખર્ચ | ૫૦.૦૯ | ૫,૫૦,૮૩,૫૬૪ | ૫૨.૮૪ |
| ૧૬૮.૦૫ | ૧૮,૦૨,૬૮,૯૫૭ | ૧૭૬.૬૫ | મજુરી પગાર ખર્ચ | ૧૭૦.૫૭ | ૧૮,૭૫,૬૧,૨૧૭ | ૧૭૯.૯૩ |
| ૭૭.૨૨ | ૮,૨૮,૩૯,૫૨૮ | ૮૧.૧૮ | રીપેર્સ મેન્ટે. પ્લાન્ટ મશીનરી ખર્ચ | ૮૯.૮૮ | ૯,૮૮,૨૮,૦૩૬ | ૯૪.૮૧ |
| ૧૨.૩૩ | ૧,૩૨,૨૬,૫૮૩ | ૧૨.૯૬ | ઈલેકટ્રીક ખર્ચ | ૧૪.૪૮ | ૧,૫૯,૧૯,૮૧૩ | ૧૫.૨૭ |
| **૩૬૪.૦૫** | **૩૯,૦૫,૨૪,૬૬૦** | **૩૮૨.૬૮** | **કુલ ઉત્પાદન ખર્ચ** | **૩૬૬.૪૬** | **૪૦,૨૯,૫૬,૮૭૫** | **૩૮૬.૫૭** |
| | | | **વહીવટી ખર્ચ** | | | |
| ૩૮.૭૧ | ૪,૧૫,૨૦,૪૦૦ | ૪૦.૬૯ | પગાર ખર્ચ | ૩૮.૯૭ | ૪,૨૮,૫૦,૦૦૦ | ૪૧.૧૧ |
| ૮૩.૯૫ | ૯,૦૦,૫૭,૬૫૯ | ૮૮.૨૫ | વ્યાજ ખર્ચ | ૧૨૬.૬૮ | ૧૩,૯૨,૯૨,૦૦૯ | ૧૩૩.૬૩ |
| ૩૧.૬૮ | ૩,૩૯,૮૮,૬૦૩ | ૩૩.૩૧ | અન્ય ખર્ચ | ૨૭.૯૧ | ૩,૦૬,૮૭,૦૬૫ | ૨૯.૪૪ |
| **૧૫૪.૩૪** | **૧૬,૫૫,૬૬,૬૬૨** | **૧૬૨.૨૪** | **કુલ વહીવટી ખર્ચ** | **૧૯૩.૫૫** | **૨૧,૨૮,૨૯,૦૭૪** | **૨૦૪.૧૭** |
| ૪૬.૬૧ | ૫,૦૦,૦૦,૦૦૦ | ૪૯.૦૦ | ઘસારો | ૪૫.૪૭ | ૫,૦૦,૦૦,૦૦૦ | ૪૭.૯૭ |
| ૦.૫૨ | ૫,૬૨,૬૪૭ | ૦.૫૫ | ચોખ્ખો નફો | ૦.૩૦ | ૩,૨૫,૯૧૮ | ૦.૩૧ |
| **૩૫૭૦.૨૭** | **૩,૮૨,૯૯,૩૪,૩૭૧** | **૩,૭૫૩.૦૨** | **કુલ સરવાળો** | **૩૧૬૫.૯૮** | **૩,૪૮,૧૨,૮૪,૫૮૧** | **૩૩૩૯.૬૯** |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## -:: અધિકારી વર્ગ ::-

| અ.નં. | નામ | શૈક્ષણિક લાયકાત | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રી એમ. એલ. રાઠોડ | બી. ઈ. મિકેનિકલ | મેનેજીંગ ડીરેક્ટર |
| ૨ | શ્રી અવિનાશ ઢેકાણે | બી. ઈ. મિકૅનીક<br>બોઈલર પ્રોફીસીયન્સી સેકન્ડ કલાસ | ચીફ એન્જીનિયર |
| ૩ | શ્રી રાવ સાહેબ શેટ્ટી | બી. એસસી; એવીએસઆઈ<br>(સુગર ટેક) | ચીફ કેમીસ્ટ |
| ૪ | શ્રી હેમાંશુભાઈ જે. શાહ | બી. એસસી; (એગ્રી.) | સી. પી. એમ. |
| ૫ | શ્રી મહાદેવભાઈ ડી. વશી | એમ. એસસી; (એગ્રી.) | સી. ડી. એમ. |
| ૬ | શ્રી નિલેશભાઈ ટી. શાહ | બી.કોમ., | ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ |
| ૭ | શ્રી જશવંતસિંહ પી. સોલંકી | બી.એ. | ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૮ | ડૉ. ડી. એસ. હરસોલા | એમ. બી. બી. એસ. | મેડીકલ ઓફિસર |
| ૯ | શ્રી પ્રકાશભાઈ જી. દેસાઈ | એમ. કોમ., એલ. એલ. બી. | પરચેઝ ઓફિસર |
| ૧૦ | શ્રી ભરતભાઈ ડી. પટેલ | બી. એસસી; ડી.આઈ.એફ.એ.ટી. | ડીસ્ટીલરી ઈનચાર્જ |

## -:: બેન્કર્સ ::-

૧. ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો–ઓ. બેંક લિ; સુરત.
૨. ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો–ઓ. બેંક લિ; મઢી શાખા.
૩. બેંક ઓફ બરોડા, મઢી શાખા.
૪. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મઢી/બારડોલી શાખા.
૫. દેના બેંક, સુરાલી શાખા.
૬. એચ. ડી. એફ. સી. બેંક લિ; મઢી શાખા / બારડોલી શાખા.
૭. આઈ. સી. આઈ. સી. આઈ. બેંક લિ; બારડોલી શાખા.

## -:: રજીસ્ટર્ડ ઓફિસ ::-

**શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ;**
**મઢી. તાલુકો : બારડોલી. જિ. સુરત. (ગુજરાત).**

## -:: ઓડિટર્સ ::-

**મિતેષ એસ. મોદી એન્ડ કું.**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, સર્ટીફાઈડ ઓડીટર્સ, પેનલ નં. ૬૨૪ (સુરત)

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

પ્રકાશક :- શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત – પ્રમુખશ્રી
શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. બારડોલી. જિ.સુરત.
મુદ્રક :- હેમંત પ્રિન્ટીંગ પ્રેસ,મઢી. ફોન :- ૨૪૧૧૧૧



સુગર પ્લાન્ટ



ડિસ્ટીલરી પ્લાન્ટ

બુક–પોષ્ટ

રવાના :
જા. નં. : / ૨૦૧૪ – ૨૦૧૫

**શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.**
મુ. પો. મઢી– ૩૯૪ ૩૪૦, પો. બો. નં. ૫, તા. બારડોલી જિ. સુરત.
ફોન નં : (૦૨૬૨૨) ૨૪૧૦૪૮, ૨૪૨૧૪૧, ૨૪૧૦૧૩, ૨૪૨૭૧૮
ફેકસ નં. : (૦૨૬૨૨) ૨૪૧૦૧૪
ગ્રામ : ''ખાંડ ઉદ્યોગ''
ઈમેઈલ : madhisugar@rediffmail.com

પ્રતિ,
શ્રી ____________________
મુ. __________ પો. : __________
તા. __________ જિ. : __________